Registered Under RNI No. GUJGUJ/2010/30943
Under Postal Regd. No. GAMC - 1745/2023-2025 Issued By SSP, Ahmedabad Valid Upto 31/12/2025
Published At 1st Of Every Month Permitted To The Post Of A'bad PSO On 3rd Of Every Month
License To Post Without Prepayment No.: PMG/NG/129/2024-2025 Valid Upto 31.12.2025

યુવા સાથી

(Yuva Saathi Gujarati Monthly)

બદલાતા સમયમાં પાડોશી સાથેના સંબંધો અને આપણી સામૂહિક જવાબદારી

VOL. NO. 16, ISSUE NO. 10 ₹25 OCTOBER 2025



એક અવાજ – એક ઉમંગ – એક ચળવળ
જેમના માથે ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી છે
એવા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું
એકમાત્ર ગુજરાતી સામયિક યુવાસાથી

સત્ય અને ન્યાયનો વાહક
તટસ્થ અને નીડર વિશ્લેષણ
પ્રગતિ અને સમૃદ્ધિનો વાહક
શાંતિમય સમાજના નિર્માણ માટે
બાળકોના નૈતિક ઘડતર માટે
યુવાનોને સાચી દિશા ચીંધનાર
યુવાનોના દિલની ધડકન

તમારા આ નિષ્ઠાવાન પ્રયત્નોના લીધે આ હૃદયપૂર્વકનો
અવાજ દેશના ખૂણે-ખૂણે ગૂંજી ઊઠશે. ઈન્શાઅલ્લાહ.

વાર્ષિક લવાજમ : રૂ.૩૦૦/-
ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૭૫૦/-

મેનેજર, યુવાસાથી ગુજરાતી માસિક : બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી,
૧૩૨ ફુટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ -૩૮૦૦૫૫ | M. 9510008614

YUVASAATHI (GUJARATI MONTHLY)
BANK A/C. NO.: **163110100029661 - (Only NEFT)**
BANK: **BOMBAY MERCANTILE CO-OP BANK LTD**
IFSC CODE: **BMCB0000039**
AFFILIATED : **AXIS BANK LTD**

scan & pay

BHIM UPI

આપની જાહેરાત તેમજ સ્પે. ડોનેશન આપી "યુવાસાથી"ને સદ્ધર બનાવી સમાજના નવનિર્માણમાં આપનો સાથ-સહકાર આપો.

માસિક
યુવા સાથી
સત્યનો સારથિ

વર્ષ : ૧૬, અંક : ૧૦ | ઓક્ટોબર ૨૦૨૫ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

સંપાદક મંડળ

• એડિટર •
જાવેદઆલમ કુરૈશી

• મેનેજીંગ એડિટર •
રાશિદ હુસૈન

• સભ્યો •
જાબિર માનીગર
ઈબ્રાહીમ શેઠ
ડો. સાકિબ મલિક
રાશિદ કુરૈશી
ઈમરાન રાજપૂત
નદીમ રાજપૂત
ડો. તસનીમ વ્હોરા
મલિહા ફાતિમા

95 1000 8614
yuvasaathi.monthly@gmail.com

વાર્ષિક લવાજમ : રૂ.૩૦૦/-
ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૭૫૦/-

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMI ORGANISATION OF INDIA, GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

અનુક્રમણિકા

૦૪	કુર્આન બોધ	રસાઈલ મિનલ કુર્આન
૦૫	તંત્રી લેખ	બદલાતા સમયમાં પાડોશી સાથેના સંબંધો અને આપણી સામૂહિક જવાબદારી
૦૭	પૈગામ	પાડોશીઃ કુર્આનના પરિપ્રેક્ષ્યમાં
૧૦	મંથન	પાડોશીના હક અને ઈસ્લામી પરંપરા
૧૩	વિશેષ ચર્ચા	મુહમ્મદ (સ.અ.વ.)કરોડોને પ્રભાવિત કરતું અસાધારણ પ્રભાવી વ્યક્તિત્વ
૧૭	સ્ટેથોસ્કોપ	સીરતે નબવી (સ.અ.વ.)નું એક અહંકારી પાત્ર અબૂ જહલનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ
૨૦	ચિંતન	સાચો વૈભવ
૨૨	સૌંદર્ય બોધ	શું આપણે 'સાંભળવું' જાણીએ છીએ?
૨૫	વિચારણીય	મહિલા સુરક્ષા સંદેશાઓની ખોટી વ્યાખ્યા
૨૭	કેરિયર	AI યુગમાં કેરિયરની નવી દિશા સ્કિલ-બેસ્ડ એજ્યુકેશન
૩૦	આરોગ્ય	માનસિક સ્વાસ્થ્યનું નવું પરિદૃશ્ય
33	અંતિમ પૃષ્ઠ	નૈતિક પ્રેરણાનો સર્વોત્તમ સ્રોતષ્

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.

રસાઈલ મીનલ કુર્આન (કુર્આની તાલીમાત)

• હઝરત આદમ અ.સ. અને હઝરત હવ્વા અ.સ.ને રજ સુદ્ધાં કલ્પના ન હતી કે એક વ્યક્તિ અલ્લાહની કસમ ખાઈને જૂઠ બોલી શકે છે..

• પરંતુ ઈબ્લીસે એવું કરી નાંખ્યુ!

• અલબત્ત આ પ્રસંગમાં શિખામણ એ છે કે એણે તે બંનેને છેતરવા માટે વસ્તુઓના નામ પણ બદલી નાંખ્યા!

• તેણે શાપિત અને અનિષ્ટ વૃક્ષનું નામ હંમેશા જીવંત રહેનારુ વૃક્ષ કરી નાંખ્યુ હતું!

• એજ ઈબ્લીસના રસ્તા પર આજે તમામ ઈબ્લીસો ચાલી રહ્યા છે!

• તેમણે દારૂને રૂહને સંતૃપ્ત કરનારુ પીણું ઠરાવી દીધું!

• તેમણે નગ્નતાને ફેશન બનાવી દીધી!

• તેમણે સ્વછંદતા અને અશ્લીલતાને સભ્યતાનું નામ આપી દીધું!

• અને વ્યભિચારને સહમિલનની આઝાદીનું ચિહ્ન ગણાવી દીધું!

• જેથી.. યાદ રાખશો! આ નામો ભલે ગમે તેટલા આનંદદાયક રાખી લે, એની છેતરામણીમાં કદાપી કદાપી ન આવશો!!

✍ અદહમ શર્કાવી
ઉર્દુ અનુવાદઃ મૌ.અબુલ આ'લા સૈયદ સુબ્હાની
ગુજરાતી અનુવાદઃ મુહમ્મદ અમીન શેઠ-મોડાસા

બદલાતા સમયમાં પાડોશી સાથેના સંબંધો અને આપણી સામૂહિક જવાબદારી

ભારત એક એવો દેશ છે જ્યાં વિવિધ ભાષાઓ, ધર્મો અને સંસ્કૃતિના લોકો રહે છે. આ વિવિધતા હોવા છતાં, તાજેતરનાં વર્ષોમાં એક દુઃખદ વલણ જોવા મળ્યું છે કે પડોશીઓ વચ્ચેની એ નિકટતા, સહાનુભૂતિ અને પ્રેમ જે ક્યારેક આપણી ગલીઓ અને મોહલ્લાઓની ઓળખ હતી, તે ધીમે ધીમે ઓછો થઈ રહ્યો છે. એટલું જ નહીં, એક તાજા અભ્યાસમાં એવું બહાર આવ્યું છે કે શહેરી વસ્તીનો એક મોટો વર્ગ એકલતા (Loneliness)નો શિકાર છે. આ પરિસ્થિતિ માત્ર માનસિક તણાવ જ નથી વધારતી, પરંતુ સામાજિક વિઘટન, અવિશ્વાસ અને નફરતના બીજ પણ વાવે છે.

કોવિડ-૧૯ પછી સામાજિક જીવનના ઘણા નવા પાસાઓ સામે આવ્યા. ભારતના મોટાભાગના શહેરોમાં લોકોએ એકલતા અને મિત્રોની અછતનો સ્વીકાર કર્યો. એક આંતરરાષ્ટ્રીય સર્વેમાં લગભગ ૪૩% શહેરી ભારતીયોએ કહ્યું કે તેઓ પોતાને એકલા અનુભવે છે. બીજી તરફ, એક તાજેતરના અહેવાલ **My Gate Trust Circle** મુજબ, મહામારી પછી લગભગ ૭૫-૮૧% નાગરિકોએ જણાવ્યું કે તેઓ હવે પોતાના પડોશીઓને તેમના 'ટ્રસ્ટ સર્કલ'નો ભાગ માને છે. આ વિરોધાભાસ - એક તરફ એકલતાની વધતી જતી લાગણી અને બીજી તરફ પડોશીઓ પર વધતો વિશ્વાસ - આપણને એ વિચારવા મજબૂર કરે છે કે સામાજિક સુમેળ અને શાંતિ માટે પડોશીઓ સાથેના સારા સંબંધો કેટલા જરૂરી છે.

ઈસ્લામે ચૌદસો વર્ષ પહેલાં જ માણસને આ પાઠ આપ્યો હતો કે પડોશીના હકોનું ધ્યાન રાખવું એ ઈમાનનો અનિવાર્ય ભાગ છે. પવિત્ર કુર્આનમાં કહેવામાં આવ્યું છે, "અને સારો વ્યવહાર કરો પડોશી સંબંધીઓ સાથે, અજાણ્યા પડોશી સાથે, બાજુના સાથી અને મુસાફર સાથે." (અલ-નિસાઃ ૩૬).

પયગંબર મુહમ્મદ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ "અલ્લાહની સોગંધ! તે મોમિન નથી જેનો પડોશી તેની પીડાથી સુરક્ષિત ન હોય." આ સ્પષ્ટ નિર્દેશ છે કે પડોશી સાથે સારો વ્યવહાર કર્યા વિના ઈમાન પૂર્ણ થઈ શકતું નથી. પડોશી સાથે સહયોગ અને ભલાઈ કરવી એ માત્ર એક સામાજિક ભલાઈ જ નહીં, પરંતુ એક ધાર્મિક ફરજ પણ છે.

વર્તમાન પરિસ્થિતિમાં જ્યારે કોમવાદી નફરત અને સામાજિક અંતર વધી રહ્યાં છે, ત્યારે બધા દેશવાસીઓ પર અને ખાસ કરીને મુસ્લિમો પર આ જવાબદારી બમણી થઈ જાય છે કે તેઓ પડોશીઓના હકોના સંદર્ભમાં પોતાના જીવનને એક વ્યવહારિક ઉદાહરણ બનાવે. આ માત્ર ધર્મની શિક્ષાઓનો તકાજો નથી, પરંતુ ભારતની બહુસાંસ્કૃતિક ઓળખને મજબૂત કરવા માટે પણ અનિવાર્ય છે. જ્યારે મુસ્લિમો પોતાના પડોશીઓ સાથે સંબંધો મજબૂત કરશે, ત્યારે ઈસ્લામનો વ્યવહારિક દાવો રજૂ થશે.

ભારતમાં વિવિધ સમુદાયો વચ્ચે વધતું જતું ગેરસમજનું અંતર (Miscommunication) અને Communication Gap પણ ચિંતાજનક છે. મીડિયાના નકારાત્મક વલણ અને રાજકીય ધ્રુવીકરણથી દિલમાં

અંતર વધ્યું છે. આવી પરિસ્થિતિમાં જે સંબંધ આ અંતરને ઘટાડી શકે છે તે છે પડોશીનો સંબંધ. જો મુસ્લિમો અને બધા દેશવાસીઓ પરસ્પર પડોશીઓ સાથે સારો વ્યવહાર અને સહયોગનો સંબંધ સ્થાપિત કરે, તો તેનાથી માત્ર નફરતના પ્રચારની હવા નહીં નીકળી જાય, પરંતુ રાષ્ટ્રીય એકતાનો પાયો પણ મજબૂત થશે.

આજનો યુગ ડિજિટલાઈઝેશન અને પોસ્ટમોર્ડનિઝમનો છે, જ્યાં વ્યક્તિની પોતાની ઓળખને બધું જ માનવામાં આવે છે. સોશિયલ મીડિયાએ આપણને વર્ચ્યુઅલ રીતે જોડી દીધા છે, પરંતુ વાસ્તવમાં માણસ પહેલાં કરતાં વધુ એકલો છે. લોકો કલાકો સુધી ઓનલાઈન રહે છે, પરંતુ વાસ્તવિક સંબંધો નબળા પડી રહ્યા છે. આ વ્યક્તિગતતા (Individualism) માત્ર પારિવારિક સંબંધોને જ નબળા નથી કરી રહી, પરંતુ મોહલ્લા અને પડોશના સંબંધોને પણ પતન તરફ લઈ જઈ રહી છે. આવી પરિસ્થિતિમાં ઈસ્લામનો પાડોશીઓ સાથેનો સંબંધનો ખ્યાલ ખૂબ જ અર્થપૂર્ણ અને સમયની જરૂરિયાત છે. પડોશી સાથે ભલાઈ, મદદ અને સહયોગ જ આ ખાલીપણાને ભરવા માટે શ્રેષ્ઠ ઉપચાર છે.

પયગંબર મુહમ્મદ (સ.અ.વ.)ના જીવનમાં પડોશીના હકોના અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે. આપે યહૂદીઓ અને ખ્રિસ્તી પડોશીઓ સાથે પણ સારો વ્યવહાર કર્યો, માંદગીમાં ખબરઅંતર પૂછ્યા, સુખ-દુઃખમાં ભાગ લીધો અને તેમના હકોનું રક્ષણ કર્યું. આપણે પણ આ જ સુન્નત પર અમલ કરીને આપણા પડોશીઓ સાથેના સંબંધોને મજબૂત બનાવવા જોઈએ. આ માટે કેટલાક વ્યવહારિક પગલાં નીચે મુજબ હોઈ શકે છે:

સલામ અને ખબરઅંતર પૂછવાની આદતઃ રોજિંદા મુલાકાતમાં સલામ અને ભલાઈ પૂછવાનો નાનો પ્રયાસ દિલના અંતરને ઘટાડે છે.

સામૂહિક કાર્યક્રમોઃ મોહલ્લા સ્તરે સાંસ્કૃતિક કાર્યક્રમો, મીલાદ, ઈદ અને અન્ય પ્રસંગોએ પડોશીઓને આમંત્રણ આપીને તેમને સામેલ કરો.

ડિજિટલ પ્લેટફોર્મનો સકારાત્મક ઉપયોગઃ વોટ્સએપ અથવા સોશિયલ મીડિયા ગ્રુપ બનાવીને મોહલ્લાના મુદ્દાઓ જેવા કે સ્વચ્છતા, ટ્રાફિક નિયમો, સુરક્ષા પર સાથે મળીને કામ કરી શકાય છે.

મદદ અને સહયોગની પરંપરાઃ બીમારી, મુશ્કેલ સમય અથવા કોઈ અકસ્માતમાં તાત્કાલિક સહયોગનો ભાવ માત્ર દિલ જ નથી જીતતો, પરંતુ લાંબા સમય સુધી વિશ્વાસ પણ પેદા કરે છે.

પર્યાવરણીય જવાબદારીઃ ગલી-મોહલ્લાની સફાઈ, વૃક્ષારોપણ અને ટ્રાફિક નિયમોનું પાલન કરવું જેવા કામો સામૂહિક સહાનુભૂતિનું પ્રતીક છે.

આ એવા વ્યવહારિક પગલાં છે જે માત્ર ઈસ્લામિક શિક્ષાઓ અનુસાર જ નહી, પરંતુ આધુનિક શહેરી જીવનની જરૂરિયાતો સાથે પણ સુસંગત છે.

આજે જ્યારે દુનિયા વ્યક્તિગતતાના જાળમાં ફસાયેલી છે, ત્યારે ભારતીય સમાજને પડોશીઓના હકો અને સંબંધોનું ફરીથી નિર્માણ કરવાની તાત્કાલિક જરૂર છે. ભારતીય મુસ્લિમો માટે તો આ એક ધાર્મિક ફરજ પણ છે અને દેશના જવાબદાર નાગરિક તરીકે બધા દેશવાસીઓ માટે રાષ્ટ્રીય સેવા પણ છે. જો આપણે આપણા મોહલ્લા, ગલી અને શહેરમાં પાડોશી સાથેના સંબંધની શિક્ષાઓને જીવંત કરીશું, તો એક ઉત્તમ ભારતીય સમાજનું નિર્માણ થશે. આ જ સમયની સૌથી મોટી જરૂરિયાત અને વાસ્તવિક સફળતા છે.

●●●

પાડોશીઃ કુર્આનના પરિપ્રેક્ષ્યમાં

પૈગામ

✍ શકીલ અહમદ રાજપૂત

માનવ સમૂહમાં રહે છે. અને સામૂહિક રીતે શાંતિ અને સમૃદ્ધિ ત્યારે જ શક્ય બની શકે જ્યારે લોકો એકબીજા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલા હોય. એકબીજાના સુખ-દુઃખમાં સાથે ઊભા હોય. એકબીજાને આગળ વધવા પ્રોત્સાહિત કરતાં હોય.અને જરૂરિયાત તેમજ મુશ્કેલીમાં એકબીજાને સહાયરૂપ બનતા હોય. સમાજને મજબૂત કરવામાં પરિવાર અને શિક્ષકની ભૂમિકા મુખ્ય છે, અને તે પછીનું એક મુખ્ય પાત્ર પાડોશી છે. તે વ્યક્તિને સૌભાગ્યશાળી કહી શકાય જેને સારો પાડોશ મળ્યો હોય. અન્યથા દરરોજ નાની અને તુચ્છ વાતો પર માથાકૂટ અને વાદ-વિવાદ થતા રહે છે. પારિવારિક લોકો પછી સદ્ચરિત્રના સૌથી લાયક લોકો આપણા પાડોશીઓ હોય તેવી આકાંક્ષા સૌને હોય છે.

માણસ જે લોકો વચ્ચે રહે છે, તેમની સાથે નાના-મોટા વ્યવહાર થતા રહે છે. વ્યક્તિની નૈતિક પરિસ્થિતિને સમજવા માટે સૌથી મુખ્ય વસ્તુ તેનો પાડોશ છે. ભૌતિક સંસાધનો કોઈ પણ સોસાયટીને સુંદરતા પ્રદાન કરી શકે, પરંતુ શ્રેષ્ઠતા અને આનંદ તો પારસ્પરિક સંબંધોમાં પ્રેમ અને નિખાલસતા વગર શક્ય નથી. તેમાંય પાડોશીઓ સાથેના સંબંધની વાત જ જુદી છે. ઈસ્લામે આ સંબંધને સાચવવા, નિભાવવા અને ગાઢ બનાવવા સારૂ દરેક વ્યક્તિને તેની ફરજ અદા કરવા પર ભાર મૂક્યો છે. પાડોશીના મહત્ત્વનો અંદાજ માત્ર આ હદીસ પરથી લગાવી શકાય છે જેમાં અલ્લાહના રસૂલ સ.અ.વ. કહે છે, જેનો ભાવાર્થ છે કે "જિબ્રીલ અલૈ. મને વારંવાર પાડોશીના હક વિશે વસિયત કરતા રહ્યા, અહીં સુધી કે મને લાગ્યું કે કદાચ પાડોશીને વારસદાર બનાવી દેશે." (બુખારી, મુસ્લિમ) કુર્આન પાડોશીના હક અંગે બહુ સ્પષ્ટ અને મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપે છે. અલ્લાહ ફરમાવે છે,

"અને તમે સૌ અલ્લાહની બંદગી કરો, તેની સાથે કોઈને ભાગીદાર ન બનાવો, માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો, સગા-સંબંધીઓ, અનાથો અને જરૂરતમંદ લોકો સાથે સદ્વર્તન દાખવો, અને સગા પાડોશી સાથે, અજાણ્યા પાડોશી સાથે, સાથે બેસનારા સંગાથીઓ અને મુસાફરો સાથે, અને તમારી કાબૂમાં રહેલા લોકો સાથે ભલાઈનું વર્તન દાખવો, વિશ્વાસ રાખો કે અલ્લાહ કોઈ એવા માણસને પસંદ નથી કરતો જે પોતાના અહંકારમાં ગળાડૂબ હોય અને પોતાની મોટાઈનું ઘમંડ કરે." (સૂરઃ નિસા - ૩૬)

આ આયતમાં જે લોકો સાથે સદ્વર્તન કરવાની હિદાયત આપવામાં આવી છે, તેમાં જાણીતા અને અજાણ્યા પાડોશી બંને સામેલ છે. અરબી ભાષામાં 'જાર' શબ્દનો અર્થ 'પાડોશ' થાય છે. તેમાં નિકટતા, મિત્રતા, અને પીઠબળ જેવા ભાવાર્થ પણ છુપાયેલા છે. પાડોશીઓ સાથે સદ્વર્તનનું જે શિક્ષણ આપવામાં આવ્યું છે, તેમાં કોઈ ધર્મ, સંપ્રદાય, જાતિ કે વંશ, ભાષા, રંગ કે બીજી કોઈ સામુદાયિક ઓળખની કોઈ બાધા નથી. વ્યક્તિ કોઈ પણ સમુદાયથી સંબંધ ધરાવતી હોય, પરંતુ તે પાડોશી તરીકે શ્રેષ્ઠ વર્તનની અધિકારી છે. અને પાડોશી તરીકે નબી સ.અ.વ.એ ચારેય દિશામાં ૪૦ ઘરોની હદ નક્કી કરી. વિચારો તો ખરા, જો વ્યક્તિ આટલા બધા લોકો સાથે સારો વ્યવહાર કરે, તો સમાજ કેવો મહેકી ઊઠશે. પાડોશી તરીકે આવા

લોકો સાથે કેવા પ્રકારનું સદ્વર્તન થવું જોઈએ, તેને વિસ્તારપૂર્વક સમજીએ.

૧. એક માનવી તરીકે પાડોશીને માન-સન્માન આપવું

એક માનવી તરીકે પાડોશીને માન-સન્માન આપવાથી તેના પદ અને પ્રતિષ્ઠા તથા ઈજ્જતમાં વધારો કરે છે. અલ્લાહની અસીમ સૃષ્ટિમાં અગણિત સજીવો છે. અલ્લાહે સર્જેલા જીવોમાં મનુષ્ય સૌથી શ્રેષ્ઠ અને પ્રતિષ્ઠિત સર્જન છે, જે તેને સંસારમાં સૌથી વધુ માન-સન્માન મળવા પાત્ર બનાવે છે. એક માનવી તરીકે તેને માત્ર જીવવાનો હક નથી, બલકે આદર પણ જોઈએ. કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે કે,

''અને નિશ્ચય જ અમે આદમની સંતાનોને સન્માન આપ્યું.'' (સૂરઃ બની ઈસરાઈલ : ૭૦)

આજે આપણા સમાજની સળગતી સમસ્યા આ છે કે લોકો એકબીજાને સન્માન નથી આપતા. આદર-સન્માન આપવામાં પણ લોકો ખૂબ જ સિલેક્ટિવ થઈ ગયા છે. સન્માન આપવા માટે આપણા સમાજમાં ધન-દોલત, દરજ્જો કે જાતિ-ધર્મને માપદંડ બનાવી લેવામાં આવ્યો છે. જ્યારે કે સન્માન વ્યક્તિનો મૂળભૂત અને જન્મજાત અધિકાર છે. કોઈ પણ રૂપમાં તેનું અપમાન સહન કરી શકાય નહીં, ભલે વ્યક્તિ ગમે તે ધર્મ, જાતિ, રંગ અને ભાષા કે સામુદાયિક ઓળખથી સંબંધ ધરાવતી હોય. વ્યક્તિ તરીકે પાડોશીને આદર આપવો આપણી મૂળભૂત ફરજ છે, જેમાં બેદરકારી કરવી આપણને માનવીની કક્ષાથી નીચે ઉતારી દે છે. અને આ સન્માન આપવામાં જાતિ, રંગ, નસલ કે ધર્મના આધારે કોઈ ભેદભાવ ન કરવો જોઈએ.

૨. એકબીજાને સહાયરૂપ બનો

પાડોશી એક દીવાલ સાથે જોડાયેલો હોતો નથી, પરંતુ દિલ સાથે જોડાયેલો હોય છે. માણસ ભલે ગમે તેટલો પૈસાદાર હોય, પરંતુ કોઈને કોઈ કારણસર તેને બીજાની નાની-મોટી વસ્તુઓની જરૂર પડે જ છે. આવી પરિસ્થિતિમાં સગાં-સંબંધીઓથી પહેલાં પણ જે વ્યક્તિ કામ આવી શકે, તે તેનો પાડોશી છે. તેથી પાડોશી સાથે ખૂબ જ પ્રેમાળ સંબંધો હોવા જોઈએ. કોઈ વિકટ પરિસ્થિતિ ઊભી થાય અથવા કોઈ જરૂરત જણાય તો વ્યક્તિ તેના પાડોશીને ખચકાટ વગર સીધું કહી શકે. પાડોશીની જરૂરિયાતને પૂરી કરવી બીજા પાડોશીની સીધી જવાબદારી હોય છે. અલ્લાહ તઆલાએ જે વ્યક્તિને વિનાશની ખબર આપી છે, તેમાં એવી વ્યક્તિ પણ છે જે નાની-નાની જરૂરિયાતની વસ્તુઓ એકબીજાને નથી આપતી. અલ્લાહ ફરમાવે છે,

''પછી વિનાશ છે તે નમાઝ પઢનારાઓ માટે, જેઓ પોતાની નમાઝથી બેદરકારી દાખવે છે, જેઓ દેખાડો કરે છે અને સામાન્ય જરૂરિયાતની વસ્તુઓ (લોકોને) આપવાથી બચે છે.'' (સૂરઃ માઊન : ૪-૭)

મૌલાના મૌદૂદી રહ. તફહીમુલ કુર્આનમાં લખે છે, ''મોટાભાગના તફસીરવેત્તાઓનું માનવું એ છે કે 'માઊન' એ તમામ નાની-નાની વસ્તુઓ પર લાગુ થાય છે, જે સામાન્યતઃ પાડોશીઓ એકબીજા પાસે માગતા રહે છે. તેમનું માગવું કોઈ અપમાનની વાત નથી હોતી, કેમ કે ગરીબ અને અમીર બધાને ક્યારેકને ક્યારેક તો તેની જરૂરિયાત પડતી રહે છે. અલબત્ત, એવી વસ્તુઓ આપવામાં કંજૂસાઈ કરવી નૈતિક રીતે એક નીચ અને હલકા પ્રકારનું કૃત્ય સમજવામાં આવે છે. સામાન્ય રીતે આવી વસ્તુઓ સ્વયં સુરક્ષિત રહે છે અને પાડોશી તેનો ઉપયોગ કરીને યથાવત્ પાછી આપી દેતા હોય છે. આ જ ★'માઊન'★ના અર્થમાં એ પણ આવે છે કે કોઈના ત્યાં મહેમાન આવી જાય અને તે પાડોશી પાસેથી ખાટલો કે બિસ્તર માગી લે, અથવા કોઈ પોતાના પાડોશીના ચૂલામાં પોતાની રોટલી કરવાની માગણી કરે, અથવા કોઈ થોડા દિવસો માટે બહાર જઈ રહ્યો હોય અને સલામતી માટે પોતાનો કોઈ કીમતી સામાન બીજાને ત્યાં મૂકવા માગે. આમ, આયતનો હેતુ એ બતાવવાનો છે કે આખિરતનો ઇનકાર માણસને એટલો સંકુચિત મનનો બનાવી દે છે કે તે બીજા માટે કોઈ મામૂલી ત્યાગ કરવા માટે પણ તૈયાર નથી હોતો.''

૩. ભેટ-સોગાદ આપવી

જીવનને આનંદમય બનાવવા માટે પાડોશી સાથેના સંબંધોમાં સુમેળ ખૂબ જ જરૂરી છે. ભેટ આપવા માટે મોટી કે મોંઘી વસ્તુઓ કે પ્રસંગોની જરૂર નથી. નાની સરખી ભેટ પણ આપી શકાય છે. કશું નહીં તો જે ભોજન રાંધ્યું છે તે મોકલી શકાય અથવા ઘરે જમવા બોલાવી શકાય. અલ્લાહના રસૂલ સ.અ.વ. ફરમાવે છે કે ''એકબીજાને ભેટ આપો, કારણ કે તેનાથી પ્રેમ વધે છે.'' (મુસ્નદ અહમદ)

હઝરત આઇશા રદિ.એ પૂછ્યુંઃ 'યા રસૂલલ્લાહ સ.અ.વ.! મારા બે પાડોશી છે, તો હું કોને હદિયા (તોહફો) મોકલું?' તો આપ સ.અ.વ.એ ફરમાવ્યુંઃ 'જેનો દરવાજો તારા દરવાજાથી વધારે નજીક છે.'' (સહીહ બુખારી : ૨૨૫૯)

૪. સુખ-દુઃખમાં સાથ આપવોઃ

પાડોશી બીમાર હોય તો તેની ખબર-અંતર પૂછવા જોઈએ. દવાખાને લઈ જવા અથવા દવા-ઇલાજની જરૂર જણાય તો તેની મદદ કરવી જોઈએ. કોઈ મુશ્કેલીમાં હોય તો તેને માર્ગદર્શન આપવું, તેનું કાઉન્સેલિંગ અને સહાય કરવી જોઈએ. તેને ત્યાં ખુશીનો કોઈ અવસર હોય તો શુભેચ્છા પાઠવવી જોઈએ અને પ્રસંગમાં સામેલ પણ થવું જોઈએ. સુખ-દુઃખમાં સાથ આપવાથી વ્યક્તિ ભાવનાત્મક રીતે એકબીજાથી બંધાઈ જાય છે અને ગમે તેવા કપરા સંજોગોમાં તેની આશા ટકી રહે છે. આજે લોકો પરિવારકેન્દ્રિત થઈ ગયા છે,

જેથી પાડોશીને ત્યાં શું ચાલે છે તેમાં કોઈ રસ લેતા નથી અને ન જ કોઈ મદદ કરે છે. બલકે પાડોશી જરૂરતમંદ હોય તો કેટલાક લોકો તેની સાથે વાત કરવામાં પણ સંકોચ અનુભવે છે. જો પાડોશી ગરીબ કે જરૂરતમંદ હોય તો તેની વિશેષ કાળજી લેવી જોઈએ,તે પાડોશી તરીકે આ આપણી પહેલી ફરજ છે. કેમ કે સૌથી નજીકની વ્યક્તિ આપણા સદ્‌વર્તનની સૌથી વધુ હકદાર છે. અલ્લાહ કુર્આનમાં ફરમાવે છે, ''તે (સદાચારીઓ) અલ્લાહના પ્રેમમાં ગરીબો, અનાથ અને કેદીઓને ભોજન કરાવે છે. (અને તેઓ કહે છેઃ) અમે તમને ફક્ત અલ્લાહની ખુશી માટે ભોજન આપીએ છીએ, અમે તમારી પાસેથી કોઈ બદલો માંગતા નથી, અને અમે તમારા તરફથી કોઈ આભાર પણ ઇચ્છતા નથી.''

૫. રહસ્ય અને ખાનગીપણું જાળવવું

આ હકીકત છે કે એક પાડોશી બીજા પાડોશીની નાની-મોટી ખામી - ખૂબીથી વાકેફ હોય છે. લોકોની ખૂબીઓનું વર્ણન કરવાથી સંબંધોમાં મીઠાશ પેદા થાય છે, પરંતુ તેની ખામીઓ જાહેર કરવાથી સંબંધોમાં કડવાશ ઊભી થાય છે. આપણે તેમના વિશે કોઈ ખાનગી કે રહસ્યની વાત જાણતા હોઈએ તો તેને જાળવવી આપણી જવાબદારી છે. કુર્આનની પ્રથમ શિખામણ તો આ છે કે કોઈની જાસૂસી (રહસ્યો શોધવા) ન કરે, ''અને તમે એકબીજાની જાસૂસી ન કરો.'' (સૂરઃ હુજુરાત ૧૨)

અને કોઈ વાતની ખબર પડી જાય તો તેને સાચવવી આપણી જવાબદારી છે. અલ્લાહ ફરમાવે છે, ''અને જાણતા હોવા છતાં તમારી અમાનતોમાં ખયાનત (દગો) ન કરો.'' (સૂરઃ અન્ફાલ, આયત- ૨૭)

૬. ઘર, મિલકત અને પરિવારની દેખરેખ રાખવી

એવા સંજોગો બને છે કે ક્યારેક પાડોશીને ઘરે તાળું મારી અથવા બાળકોને ઘરમાં જ મૂકી બહાર જવાનું થાય છે. આવી પરિસ્થિતિમાં તેમના ઘરની દેખરેખ ધ્યાનથી રાખવી જોઈએ. ક્યારેક એવું પણ બને કે લાંબા સમય માટે તેમણે શહેર છોડીને જવાનું થાય. આવા સંજોગોમાં એક સારા પાડોશી તરીકે તેના ઘર અને માલ-મિલકતની રક્ષા કરવી આપણી જવાબદારીમાં આવે છે. પાડોશી સાથે એવા ગાઢ અને નિખાલસ સંબંધો હોવા જોઈએ કે તેઓ આપણા ઉપર વિશ્વાસ કરી શકે.

૭. પોતાની વાણી-વર્તનથી તકલીફ ન આપો

કુર્આનમાં એક એવી સ્ત્રીનો ઉલ્લેખ છે જે નબી સ.અ.વ.ને તકલીફ આપવા તેમના માર્ગમાં કાંટા, લાકડાં અને ગંદકી ફેંકતી હતી. પોતાના શબ્દો અને કાવતરાથી તે સતત હઝરત મુહમ્મદ સ.અ.વ.નો ઉપહાસ કરતી અને લોકોને ભડકાવતી હતી. તે સંબંધમાં આપ (સ.અ.વ.)ની કાકી હતી અને આપના પાડોશમાં રહેતી હતી. પાડોશીને તકલીફ પહોંચાડવી એવો ગુનો છે કે સૂરઃ લહબમાં અબૂ લહબની સાથે તેની પત્ની ઉમ્મે જમીલને પણ નરકની ખુશખબર આપવામાં આવી.

''ચોક્કસ તેને ભડકે બળતી આગમાં નાખવામાં આવશે, અને (તેની સાથે) તેની પત્ની પણ, લાકડાં લાદનાર, તેના ગળામાં મુંજનું દોરડું હશે.'' (સૂરઃ લહબ, આયત - ૩-૫)

તેથી મોમિનને એ શોભતું નથી કે તે પોતાના વાણી-વર્તનથી તેના પાડોશીને તકલીફ પહોંચાડે. પોતાના ઘરમાં ઊંચા અવાજથી વાતો કરવી કે ગીતો વગાડવા જેથી પાડોશી ઘોંઘાટ અનુભવે, ઘરનો કચરો બાજુના ઓટલા પર મૂકી દેવો, પોતાના ઘરનું પાણી એવી રીતે વહેવડાવવું કે પાડોશીના ઘર આગળ જાય, તેને ટોણાં મારવા, તેની ઈર્ષ્યા કરવી અથવા ખોટી શંકા કરવી વગેરે એવા કામો છે જેનાથી પાડોશીને તકલીફ થાય છે. પયગંબર હઝરત મુહમ્મદ સ.અ.વ.એ ફરમાવ્યું કે ''ખોટી શંકાથી બચતા રહો, કેમ કે શંકાની ઘણી વાતો ખોટી હોય છે. લોકોની ખામીઓ શોધવા પાછળ ન પડો, એકબીજા પર ઈર્ષા ન કરો, પીઠ પાછળ કોઈની નિંદા ન કરો, એકબીજા પ્રત્યે દ્વેષ ન રાખો; પરંતુ તમે બધા અલ્લાહના બંદા, ભાઈ-ભાઈ બનીને રહો.'' (બુખારી : ૬૦૬૪)

૮. વિવાદ વચ્ચે ન્યાય

માનવીય સમાજ ઘણા બધા સ્વભાવ, આદતો અને વિચારોનું સંયોજન છે. તેમના વચ્ચે ક્યારેક મતભેદ થવો બિલકુલ સામાન્ય છે. જ્યારે લોકો સાથે રહેતા હોય અને બે ઘરોની દીવાલો પણ એક હોય તો નાની સરખી વાત પર પણ વિવાદ થવાની શક્યતા રહે છે. કોઈ પણ વિવાદમાં એક વ્યક્તિની વાણી કે આચરણ ખોટું જ હશે એમાં કોઈ બેમત નથી, પરંતુ જ્યારે વાત કરવામાં પક્ષપાત કરવામાં આવે ત્યારે નાનો સરખો મુદ્દો એક મોટી સમસ્યા બની જાય છે. તેથી અલ્લાહ કોઈ પણ પરિસ્થિતિમાં ન્યાયની તુલામાં વિક્ષેપ ન કરવાનો આદેશ આપે છે.

''અને જ્યારે તમે બોલો ત્યારે ન્યાયની વાત કરો, ભલે તે તમારા સગા માટે જ કેમ ન હોય.'' (સૂરઃ અન્આમ : ૬, ૧૫૨)

પાડોશીના હકો બાબતે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ ઘણું બધું કહ્યું છે, જેને આપણે નજર સમક્ષ રાખવું જોઈએ. પાડોશી સાથેના સદ્વર્તનથી અલ્લાહ ખુશ થઈ આપણને જન્નતમાં સ્થાન આપશે. અલ્લાહના નબી ફરમાવે છે કે, ''જે કોઈ હલાલ કમાણી કરે છે જેથી તે ભીખ માંગવાનું ટાળે, પોતાના પરિવાર માટે કંઈક કમાય અને પોતાના પાડોશીઓ સાથે દયાળુ વર્તન કરે, તે કયામતના દિવસે ચમકતા ચંદ્રની જેમ ચમકતો ચહેરો લઈને આવશે.'' (મિશકાત ૫૨૦૭)

ચાલો, સીરતનું પઠન કરીએ, અને પાડોશીનું જતન કરીએ. •••

મંથન

✍ ડૉ. મુહમ્મદ સલીમ પટીવાલા

પાડોશીના હક અને ઇસ્લામી પરંપરા

ઈસ્લામમાં પાડોશીનું ખૂબ મોટું હક છે. માણસ પોતાના સગા–સંબંધીઓ પછી સૌથી વધુ સંબંધ પોતાના પાડોશી સાથે રાખે છે. જીવનની શાંતિ, સુખ અને સમાજમાં ભાઈચારો પાડોશી સાથેના સારા વર્તન પર આધારિત છે.

કુર્આન અને હદીસમાં પાડોશીનો અધિકાર એટલો ઉંચો છે કે જિબ્રાઈલ અલૈહિસ્સલામ વારંવાર વસીયત કરતા રહ્યા કે પાડોશીનો હક આપો— અહીં સુધી કે નબી (સ.અ.વ.)ને લાગ્યું કે કદાચ પાડોશીને વારસાનો હક આપવામાં આવશે.

માનવ અને તેની સંસ્કૃતિનો આધાર પરસ્પર સહકાર અને સહયોગ પર જ છે. આ દુનિયામાં દરેક મનુષ્ય એક-બીજાની મદદનો જરૂરિયાતમંદ છે. જો કોઈ ભૂખ્યો હોય તો બીજાનો હક્ક છે કે તે પોતાના ભોજનમાં તેને પણ ભાગીદાર બનાવે. જો કોઈ બીમાર હોય તો બીજાએ તેની મુલાકાત અને દેખરેખ રાખવી જોઈએ. જો કોઈ આફત કે દુઃખમાં સપડાય તો બીજાએ તેની સાથે સહભાગી બનીને તેના દુઃખનું નિવારણ કરવું જોઈએ. આ નૈતિક પ્રણાલીના આધારે આખી માનવતા ભાઈચારા અને પ્રેમના અખંડ બંધનમાં બંધાય અને કુર્આનના આ શબ્દો ‘‘એ પોતાને જરૂર હોવા છતાં બીજાને પ્રાથમિકતા આપે છે’’ નો સાચો અર્થ સાબિત થાય.

હઝરત અબ્દુર્રહમાન બિન અબી કુરાદ (રદિ.) કહે છેઃ એક દિવસ રસૂલુલ્લાહ (સ.અ.વ.) વુઝૂ કરી રહ્યા હતા. સહાબાઓએ તેમના વઝૂનું પાણી લઈ પોતાના શરીર અને ચહેરા પર લગાવ્યું. ત્યારે રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ પૂછ્યું કે તમે આવું કેમ કરી રહ્યા છો? તેમણે જવાબ આપ્યોઃ ‘‘અલ્લાહ અને તેના રસૂલની મોહબ્બતમાં.’’ ત્યારે તેઓએ ફરમાવ્યુંઃ ‘‘જેને ઈચ્છા હોય કે અલ્લાહ અને તેનો રસૂલ તેને પ્રેમ કરે તો તેને ત્રણ વાતોનું ધ્યાન રાખવું જોઈએઃ

૧. જ્યારે બોલે ત્યારે સાચું બોલે.

૨. જ્યારે તેના પાસે કોઈ અમાનત રાખવામાં આવે ત્યારે અમાનતદારીપૂર્વક પરત કરે.

૩. અને પોતાના પડોશી સાથે સારો વર્તન કરે.’’ (બૈયહકી – શઅબુલ ઈમાન)

કોઈ પણ વ્યક્તિની સચ્ચાઈ કે દુષ્ટતા તેના પાડોશીની જુબાની દ્વારા જાણી શકાશે. પયગંબર (સ.અ.વ.)એ એક સહાબીને ફર્માવ્યું ‘‘ જ્યારે તમારો પાડોશી તમારા કોઈ કામ વિષે સારી ગવાહી

આપે તો જાણી લો કે તમારું કાર્ય સારું છે, અને જયારે તમે સાંભળો કે તમારો પાડોશી કહે છે કે તમારું કામ સારું નથી તો જાણી લો કે તે સારું નથી'' (ઈબ્ને માજા)

એક વાર હઝરત ઉમર (રદિ.)થી કોઈએ એક વ્યક્તિની ભલામણ કરી તો હઝરત ઉમરે પૂછ્યું : શું તમે ક્યારેય તેના પાડોશમાં રહ્યા છો?

તે વ્યક્તિએ જવાબ આપ્યો ના.. હઝરત ઉમરએ ફરી પુચ્છયું: શું તમે તેની સાથે મુસાફરી કરી છે? તે વ્યક્તિએ જવાબ આપ્યોઃ ના... હઝરત ઉમરે ફરી પુછ્યું : શું તમે તેની સાથે કોઈ લેવડ દેવડ કરી છે? તેણે જવાબ આપ્યોઃ ના...

ત્યારે હઝરત ઉમર રદિ. એ કહ્યું તમે તેને માત્ર મસ્જિદમાં નમાજ પઢતા જોયો છે અને માત્ર તેનાથી કોઈ વ્યક્તિ ઓળખી ન શકાય.આનાથી ખ્યાલ આવે છે કે માણસના ચારિત્ર્યની ઓળખ આ ત્રણ સ્થળે થઈ શકે છે. કાં તો તેના પાડોશમાં રહેવાથી, કાં તેની સાથે મુસાફરી કરવાથી અથવા તેની સાથે નાણાંકીય વહેવાર કરવાથી.

રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ પાડોશીનું હક એટલું મહત્વનું ગણાવ્યું કેઃ

- પાડોશી પ્રત્યે સારો વર્તન કરવો ઈમાનનો ભાગ છે.
- જન્નતમાં પ્રવેશ માટે એ શરત છે.
- પાડોશીને દરેક જાતની પીડાથી બચાવવું અલ્લાહ અને રસૂલ (સ.અ.વ.)થી મૂહાબ્બતની દલીલ છે.

હદીસોમાં આવ્યું છે કેઃ

- જિબ્રાઈલ (અલૈહિસ્સલામ) સતત પાડોશીની ભલામણ કરતા રહ્યા.
- સાચો મોમિન એ છે જેની કોઈ પણ વાતથી તેનો પાડોશી સુરક્ષિત રહે.
- જે વ્યક્તિ પેટ ભરી ખાઈને સુઈ જાય અને તેનો પાડોશી ભૂખ્યો રહે – તે મોમિન નથી.
- પાડોશીઓને ભેટ આપવી, જરૂરિયાત વખતે મદદ કરવી અને તેમના દુઃખ–સુખમાં ભાગ લેવો – એ ફરજીયાત છે.

આજના સમયમાં લોકો પાડોશીઓથી બેફિકર થઈ ગયા છે. ઘણી વાર વર્ષો સુધી બાજુમાં રહેતા હોવા છતાં એકબીજાની ખબર નથી લેતા. આ ઇસ્લામની મૂળભૂત શિક્ષણ વિરુદ્ધ છે.

મિસરની ફતેહ પછી , હઝરત ઉમર ઈબ્નુલ-આસ (રદિ.) એ સૈન્યને ખસેડવાનો આદેશ આપ્યો. જયારે સૈનિકોએ તંબુ ઉખાડવાનું શરૂ કર્યું, ત્યારે તેઓએ જોયું કે એક કબૂતરે ઈબ્નુલ-આસના તંબુ પર માળો બનાવ્યો હતો અને ઈંડા મૂક્યા હતા. તેમણે કહ્યું, "આ કબૂતર આપણો પાડોશી છે. બચ્ચાં બહાર આવે અને ઉડવા માટે સક્ષમ બને ત્યાં સુધી તંબુ રહેવા દો.'' તેમણે તેના માળાની સુરક્ષા માટે એક રક્ષક નિયુક્ત કર્યો. થોડા સમય પછી, જયારે તેઓ પાછા ફર્યા, ત્યારે તેમને તંબુની આસપાસ એક શહેર બાંધેલું જોવા મળ્યું, જેનું નામ ફુસ્તાત હતું, જેનો અર્થ તંબુ હતો. આ નામ અને ઘટના આપણી સમક્ષ પડોશીઓના અધિકારોનું સન્માન કરવાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આપણે આ આદેશોને ધ્યાનમાં રાખવું જોઈએ અને આપણે તેનું કેટલું પાલન કરી રહ્યા છીએ તે જોવા માટે આપણી જાતનું મૂલ્યાંકન કરવું જોઈએ.

એક માણસ હઝરત અબ્દુલ્લાહ બિન મસૂદ (રદિ.) પાસે આવ્યો અને કહ્યું: મારો એક પાડોશી છે જે મને દુઃખ પહોંચાડે છે, મારા વિશે ખરાબ વાતો કરે છે તેના કારણે હું મુશ્કેલીમાં મુકાઈ જાઉં છુ. હઝરત અબ્દુલ્લાહ બિન મસૂદ (રદિ.) એ કહ્યું: જાઓ, જો તેણે તમારા મામલામાં અલ્લાહની નાફરમાની કરી છે, તો તમે તેના મામલામાં અલ્લાહની આજ્ઞાનું પાલન કરો. હઝરત હસન બસરી (રહ.) કહે છેઃ સારો પાડોશી બનવું એ ફક્ત મુશ્કેલી ન પહોંચાડવી જ નથી, પરંતુ સારો પાડોશી બનવું એ મુશ્કેલી સહન કરવું પણ છે.

હઝરત અહમદ બિન અસ્કાફ દમિશ્કી રહેમતુલ્લાહ અલયહિ હજ માટે ઘણા વર્ષોથી પૈસા ભેગા કરતા હતા. હજ પહેલાં તેમના પુત્રે કહ્યું કે આપણા પાડોશી ઘરે ગોશ્ત–રોટલી ખાઈ રહ્યા હતા, પણ મને પૂછ્યું પણ નહીં. અહમદ બિન અસ્કાફ ખૂબ દુઃખી થયા અને પાડોશી પાસે ગયા.

પાડોશીએ રડીને કહ્યું: "અમે પાંચ દિવસથી ભૂખ્યા છીએ. અંતે જંગલમાં એક મરેલી બકરી મળી, એનું થોડું માંસ લઈ ઉકાળી ખાધું. શરમના કારણે તમારા પુત્રને કંઈ આપી શક્યા નથી.''

આ સાંભળીને અહમદ બિન અસ્કાફે કહ્યું: "અફસોસ! મારા ઘરે હજારો દિરહમ–દીનાર છે અને પાડોશી ભૂખ્યા છે. મારો હજ કેવી રીતે કબૂલ થશે?''

તેમણે હજ માટે બચાવેલા બધા પૈસા પાડોશીને આપી દીધા.

તે વર્ષે હજમાં હઝરત ઝુન્નુન મિસરીએ એક ગેબી અવાજ સાંભળ્યોઃ

"આ વર્ષે અહમદ બિન અસ્કાફ હજ માટે આવ્યા નથી, પણ અમે તેમને હજ્જે-અકબરનું સવાબ આપ્યું છે અને ઘણા હાજીઓને હજને

તેમના કારણે કબૂલ કર્યા છે.''

બીજી આવી જ એક પ્રેરણાદાયક ઘટના ઈતિહાસમાં વર્ણિત છે. : હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક (રહ.)ના પાડોશમાં એક યહૂદી રહેતો હતો. જ્યારે તેણે પોતાનું ઘર વેચવાનું વિચાર્યું, લોકોએ પૂછ્યું કિંમત કેટલી? કહ્યું: ''બે હજાર દિનાર — એક હજાર ઘરની કિંમત અને એક હજાર અબ્દુલ્લાહ બિન મુબારક જેવા પાડોશીની કિંમત!''

આ છે પાડોશીની વાસ્તવિકતા પહેલાના સમયમાં મુસ્લિમોના અખ્લાક અને પાડોશી પ્રત્યેના સારા વર્તન એટલા મૂલ્યવાન હતા કે તેમના પડોશમાં ઘર મોંઘાં વેચાતા.

અને આજે સ્થિતિ ઉલટી છે કે કેટલાક વિસ્તારોમાં મુસલમાનોને ઘર ભાડે પણ નથી મળતા.

એક બુઝુર્ગે પોતાના મિત્ર સાથે બનેલી એક ઘટના વર્ણવી છે. એક વાર તે સઉદી અરેબિયાના બજારમાં ખરીદી કરી રહ્યો હતો. તે કહે છે:

હું કાપડની દુકાનમાં ગયો. દુકાનદાર ખૂબ જ નમ્ર હતો. તે મને કપડાં આપતો રહ્યો અને હું તેને જોતો રહ્યો. અંતે, મને કાપડનો એક ટુકડો ગમ્યો. મેં કિંમત વિશે વાત કરી. ખૂબ જ સુખદ વાતાવરણમાં, અમારી વચ્ચે ભાવ નક્કી થઈ ગયો. મેં તેને કાપડ કાપવાનું કહ્યું. પણ તે જ ક્ષણે, તેનો સ્વર અચાનક બદલાઈ ગયો. તેણે ખૂબ જ ક્ષમાશીલ સ્વરમાં કહ્યું: મિત્ર! હું આ કાપડ કાપી શકતો નથી. મારી બાજુની દુકાનમાં પણ આ જ વસ્તુ મળે છે. તમને ત્યાં પણ એ જ ભાવે મળશે. કૃપા કરીને ત્યાં જાઓ.

દેખીતી રીતે, આ મારી સમજની બહાર હતું. મેં તેને કારણ સમજાવવા કહ્યું. પહેલા તો તે ના પાડતો રહ્યો પણ મારા ઘણા આગ્રહ પછી તેણે મને કારણ કહ્યું અને હું તે સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયો. દુકાનદારે કહ્યું: આ દુકાનદાર મારો પાડોશી છે અને હું ઘણા સમયથી જોઉં છું કે કોઈ ગ્રાહક તેની પાસે આવ્યો નથી, જ્યારે મારી પાસે ગુજરાન ચલાવવા માટે પૂરતા ગ્રાહકો છે. મેં વિચાર્યું મારે તમને ત્યાં મોકલવા જોઈએ, જેથી તેની પણ થોડી આવક થઈ જાય, જો તમે ત્યાંથી ખરીદી કરો છો, તો તમને સમાન ગુણવત્તા, સમાન કિંમતનું કાપડ મળશે. જેમાં મારા આ ભાઈને ફાયદો થાય છે અને તમને કંઈ નુકસાન થશે નહીં.

ઈમામ ગઝાલી (રહ.)એ એક પ્રસંગ લખ્યો છે:

કોઈના ઘરમાં ઉંદર બહુ થઈ ગયા. કોઈએ બિલાડી રાખવાની સલાહ આપી. ઘરવાળાએ કહ્યું: ''જો બિલાડી રાખું તો ઉંદર મારા ઘરમાંથી ભાગીને પાડોશીના ઘરમાં જશે. જે વસ્તુ હું મારા માટે પસંદ ન કરું, એ કેવી રીતે મારા પાડોશી માટે પસંદ કરું? આ મો'મિનના શાનને લાયક નથી.''આ નાની વાત છે, પણ સાચા ઈમાન વિના તેનો અમલ શક્ય નથી.

વિચારીએ:

શું આપણી પાસે પણ આવા ઉચ્ચ અખ્લાક છે?

જરા વિચારો, શું આપણો પાડોશી આપણાં અખ્લાકથી ખુશ છે?

શું આપણાં પાડોશી આપણાં વિષે ખરાબ વિચારે છે?

ઈસ્લામ પ્રેમ, ભાઈચારો અને હમદર્દી શીખવે છે.

નબીએ કરીમ (સ.અ.વ.)એ પાડોશીના અધિકારો બહુ સ્પષ્ટ કર્યા છે:

- બીમાર થાય તો મુલાકાત લો.
- મોત થાય તો જનાજામાં જાઓ.
- જરૂર હોય તો મદદ અને કર્જ આપો.
- ભૂલ થઈ જાય તો દરગુજરથી કામ લો.
- કોઈ ખુશી મળે તો મુબારકબાદ અને શુભેચ્છા પાઠવો.
- મુશ્કેલી આવે તો સાંત્વના આપો.
- ઘરની ઈમારત એટલી ઊંચી ન કરો કે તેની હવા બંધ થાય.
- હાંડીની સુગંધથી તેને તકલીફ ન થાય; સારી વાનગી બને તો થોડું તેના ઘરે મોકલો.

અલ્લાહ આપણને પાડોશીના હક અદા કરવાની તૌફીક આપે.

•••

Prince Fabrication

PF

Akil bhai M.9426584514
Ibrahim bhai M.9723713519
Ismail bhai M.9409407917

ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

Sujal Estate, 18, Near by GARIBNAGAR CHAR RASTA, Ahmedabad, Gujarat 380023

મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)

કરોડોને પ્રભાવિત (ઇન્ફ્લુએન્સ) કરતું અસાધારણ પ્રભાવી વ્યક્તિત્વ (ઇન્ફ્લુએન્સર)

આજના સમયમાં ઈન્ફ્લુએન્સર્સ તે લોકો કહેવાય છે, જે લોકોના વિચારોને ઘડે છે, સમુદાયોનું સંગઠન કરે છે અને પરિવર્તન લાવે છે—મૂળરૂપે પ્લેટફોર્મ્સ અને એલ્ગોરિધમ્સ દ્વારા. પરંતુ જો આપણે આધુનિક સ્ક્રીનોની બહાર નજર કરીએ, તો ઈતિહાસ એક અલગ પ્રકારના પ્રભાવકને દર્શાવે છે, જેનો પ્રભાવ ખંડોથી લઈને સદીઓ સુધી પ્રસરી ગયો. પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) વિશ્વ ઈતિહાસના સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓમાંના એક તરીકે સ્વીકારાયેલા છે. માઈકલ એચ. હાર્ટે પોતાના પ્રસિદ્ધ પુસ્તક 'ધ ૧૦૦'માં તેમને પ્રથમ ક્રમે સ્થાન આપ્યું છે. તેમનો દાવો છે કે તેમનો પ્રભાવ માત્ર ધર્મ સુધી સીમિત ન'હોતો, પરંતુ રાજકારણ, કાયદા, સામાજિક નીતિઓ, સંસ્કૃતિ અને સંસ્થાઓ સુધી વિસ્તરેલો હતો, જેણે આખી સંસ્કૃતિ (સિવિલાઈઝેશન) વિકસાવી.

વિશેષ ચર્ચા

✍ સૈયદ અઝહરુદ્દીન

આ લેખ છ પરસ્પર સંબંધિત પરિબળો દ્વારા તેમના પ્રભાવનું વિવેચન કરે છે—વ્યક્તિગત્ પ્રેરક, વ્યક્તિગત્ ક્ષમતા, સામાજિક પ્રેરક, સામાજિક ક્ષમતા, માળખાકીય પ્રેરક અને માળખાકીય ક્ષમતા—અને તેમના જીવનના ચોક્કસ પ્રસંગો દ્વારા તેને સમજાવે છે, સાથે અન્ય મહાન નેતાઓના જીવન સાથે સરખામણી પણ કરે છે.

૧. વ્યક્તિગત પ્રેરક

(પરિવર્તનકારી દૃષ્ટિકોણ માટે આંતરિક અડગ પ્રેરણા, જે અડચણો, વિરોધ અને શંકાકુશંકાઓના ઘેરામાં પણ કાયમ રહી).

પયગંબર માટે વ્યક્તિગત્ પ્રેરણાનું બીજ પ્રથમ વહી સાથે જ રોપાઈ ગયું હતું. હિરાની ગુફામાં પ્રથમ વહી મળવી, જેમાં **"ઈકરા"** (પઢો)નો આદેશ મળ્યો, એ મિશનની શરૂઆત હતીઃ લોકોને તૌહીદ (એકેશ્વરવાદ), ન્યાય, દયા અને અલ્લાહ સમક્ષ જવાબદેહી તરફ બોલાવવું. આ માત્ર સુધારણા ન'હોતી, પરંતુ આધ્યાત્મિક અને સામાજિક જીવનનું સંપૂર્ણ પુનર્ગઠન હતું. મુહમ્મદ (સ.અ.વ.)ને વર્ષો સુધી તેમના વિરોધીઓની વેરભાવના સહન કરવી પડી, જેમને પોતાની બનાવેલી વ્યવસ્થા ભંગ થવાનો ડર હતો, છતાં તેમની પ્રેરણા અડગ રહી, જે તેમને સતત ઉપદેશ, માર્ગદર્શન અને સુધારણાના કાર્યમાં કાયમ રાખતી હતી.

તેમની પ્રેરણા દયા અને સામાજિક જવાબદારીથી ભરેલી હતી. તેઓ નબળા વર્ગોની — અનાથોની, ગરીબોની અને ગુલામોની — કાળજી રાખતા અને સામાજિક જવાબદારીનું એક અલગ ધોરણ પ્રસ્થાપિત કરતા. જ્યારે

મક્કામાં ઈમાનવાળાઓ પર આફતો વધતી ગઈ, ત્યારે તેમણે પોતાનો સંદેશ છોડી દીધો ન'હોતો, પરંતુ ધીરજ અને વ્યૂહાત્મક પગલાં અપનાવ્યા અને ન્યાયી અને સત્યનિષ્ઠ સમાજ રચવાના પોતાના ઉદ્દેશ્ય પર અડગ રહ્યા. મદીના તરફ હિજરત પણ કોઈ નિરાશામાં લેવાયેલો નિર્ણય ન'હોતો, પરંતુ મિશન અને દૃષ્ટિકોણને સાચવવાનો વ્યૂહાત્મક રસ્તો હતો.

જ્યારે કુરૈશોએ તેમને રાજગાદી અને સંપત્તિની લાલચ આપી મિશનને તર્ક કરવા કહ્યું, ત્યારે તેમણે સ્પષ્ટ ઉત્તર આપ્યોઃ "અલ્લાહની કસમ, જો તમે મારા જમણા હાથમાં સૂર્ય અને ડાબા હાથમાં ચંદ્ર મૂકી દો, તો પણ હું આ કાર્ય નહીં છોડું, જ્યાં સુધી અલ્લાહ તેને વિજયી ન કરે અથવા હું આ માર્ગમાં જીવ આપી દઉં." આ અડગ વ્યક્તિગત પ્રેરણાએ હજારો લોકોને પ્રેરિત કર્યા અને તેમનો પ્રભાવ સદીઓ સુધી જીવંત રહ્યો.

૨. વ્યક્તિગત્ ક્ષમતા

(આંતરિક ક્ષમતાઓ—બુદ્ધિ, વક્તૃત્વ, નૈતિક પવિત્રતા, સહાનુભૂતિ, વ્યૂહાત્મક સમજ—જે વિઝન રજૂ કરવામાં, લોકોને સમજાવવામાં અને અસરકારક રીતે કાર્ય કરવામાં મદદ કરે છે)

પયગંબરની વ્યક્તિગત ક્ષમતાઓ ઘણી અને વૈવિધ્યપૂર્ણ હતી. તેમની વાણીની પ્રભાવશક્તિ અને નૈતિક સ્પષ્ટતાએ તેમને જટિલ અને પરિવર્તનકારી સંદેશને એવી રીતે રજૂ કરવા સક્ષમ બનાવ્યા કે જે અલગ અલગ જાતિઓ, ભાષાઓ અને સામાજિક વર્ગોમાં ઊંડે ઊતરી ગયો. મુશ્કેલ પરિસ્થિતિઓમાં તેમણે અસાધારણ નિર્ણયક્ષમતા બતાવી, જ્યાં શ્રદ્ધા અને વ્યવહારૂ બુદ્ધિ વચ્ચેનું સંતુલન જાળવ્યું. લોકોને સમજવાની, સમજદારીપૂર્વક વાટાઘાટ કરવાની અને જુદી જુદી પ્રજાઓ અનુસાર સંદેશને ઢાળવાની તેમની ક્ષમતા મક્કામાં ઉપદેશના પ્રારંભિક દિવસોથી લઈને મદીનાની શાસનવ્યવસ્થા સુધી સ્પષ્ટ દેખાઈ.

જ્યારે એક યુવાન સહાબીએ વ્યભિચાર (ઝિના) કરવાની પરવાનગી માંગી, ત્યારે પયગંબર (સ.અ.વ.) એ તેને ઠપકો આપવાના બદલે શાંતિથી સંવાદ કર્યો અને પૂછ્યુંઃ "શું તને ગમશે કે કોઈ તારી માતા, તારી બહેન કે તારી દીકરી સાથે આવું કરે?" આ વાતથી તરત જ તે યુવાનનું દિલ બદલાઈ ગયું. પયગંબર (સ.અ.વ.)ની સહાનુભૂતિએ વિરોધને સ્વૈચ્છિક સ્વીકારમાં ફેરવી નાખ્યો — આ સાચા પ્રભાવની નિશાની છે. પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) માત્ર ઉપદેશ આપતા ન'હોતા, પરંતુ સાંભળતા, સહાનુભૂતિ દાખવતા અને લોકો સાથે જોડાતા. તેમનો પ્રભાવ લોકોના દિલ અને તેમના સંઘર્ષોને સમજવાની ક્ષમતાથી ઉપજેલો હતો.

તે ઉપરાંત, પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) ની વ્યક્તિગત ઈમાનદારી તેમની સૌથી મોટી શક્તિ હતી. નુબુવ્વત મળ્યા પહેલાં જ તેઓ અલ-અમીન (વિશ્વાસપાત્ર) અને અસ-સાદિક (સત્યવાદી) તરીકે ઓળખાતા હતા. તેમની કહેણી અને કરણીની સામ્યતાએ તેમના અનુયાયીઓમાં અડગ વિશ્વાસ ઊભો કર્યો. જ્યારે પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) એ કુરૈશોને ઈસ્લામ તરફ બોલાવ્યા, ત્યારે તેમણે તેમને અસત્યના કારણે નહીં પરંતુ પોતાના અહંકારના કારણે નકાર્યા. એટલું જ નહીં, તેમના દુશ્મનો પણ પોતાની કિંમતી અમાનતો તેમની પાસે જમા કરાવતા, કારણ કે તેઓ તેમની વિશ્વસનીયતા પર વિશ્વાસ રાખતા હતા.

૩. સામાજિક પ્રેરક

(વિસ્તૃત ભાગીદારી માટે પ્રેરિત કરવાની ક્ષમતા — વિવિધ લોકોને આકર્ષક મૂલ્યો અને સંયુક્ત લાભો દ્વારા એકસમાન હેતુ સાથે જોડવાની શક્તિ)

મુહમ્મદ (સ.અ.વ.) એ હજારો લોકોને ન્યાય, ભાઈચારો અને અલ્લાહ સમક્ષ જવાબદેહીના એક સર્વસામાન્ય દૃષ્ટિકોણની આસપાસ એકત્રિત કર્યા. તેમણે સામાજિક જીવનને જાતિગત ઓળખની બહાર લઈ જઈને એક નવી ઓળખ આપી—મુસ્લિમ ઉમ્મતની ઓળખ—જે લોહીની સગાઈ અને કૌટુંબિક વફાદારીથી ઉપર હતું. તેમણે દમન વિરુદ્ધ ખુલ્લેઆમ અવાજ ઉઠાવ્યો, સ્ત્રીઓ અને અનાથોના સ્થાનને ઊંચું કર્યું અને દયા, ન્યાય અને પરસ્પર જવાબદારી પર આધારિત સામાજિક નૈતિકતાને પ્રોત્સાહિત કરી. આ નૈતિક આહ્વાને એક શક્તિશાળી આકર્ષણ ઊભું કર્યુંઃ લોકો નવા સમુદાયમાં જોડાયા માત્ર નવા ઈશ્વરને માનવા માટે નહીં, પરંતુ ન્યાયસંગત વર્તન અને પરસ્પર સુરક્ષાના આધારે રચાયેલી નવી સામાજિક વ્યવસ્થાનો ભાગ બનવા માટે.

ચાર પ્રતિકાત્મક દાખલા ખાસ ધ્યાન ખેંચે છે.

પ્રથમ, મદીના સંવિધાનની રચના અને તેને લાગુ કરવું, જેમાં મુસ્લિમ અને બિન-મુસ્લિમ બંને વચ્ચે

સહકાર માટેનું માળખું ઊભું કરવામાં આવ્યું હતું, જે રાજકીય અને કાનૂની કુશળતાનું પ્રદર્શન કરે છે.

બીજું, સંઘર્ષોનું સંચાલન—ખાસ કરીને કુરૈશ સાથેનો હુદૈબિયાહનો કરાર—જેણે વ્યૂહાત્મક ધીરજ અને વાટાઘાટ કરવાની કુશળતા દર્શાવી, જેના પરિણામે મુસ્લિમ સમુદાયને વિકસવા અને પોતાનું સ્થાન મજબૂત કરવાની જગ્યા મળી.

ત્રીજું, સામાજિક પ્રેરણાનું મહત્ત્વપૂર્ણ ઉદાહરણ મુહાજિરીન (મક્કાથી આવેલા મો'મિનો) અને અન્સાર (મદીનાવાસીઓ) વચ્ચે ઊભા કરાયેલ ભાઈચારા અને એકતામાં જોવા મળે છે. તેમના સહકારથી એક મજબૂત, એકતાસભર સમુદાય ઊભો થયો, જે પોતાનું રક્ષણ કરી શકે, સંસ્થાઓ ઊભી કરી શકે અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ નૈતિક ધોરણો જાળવી શકે.

ચોથું, અંતિમ હજ (હજ્જતુલ વિદા)નું પ્રવચન આ પરિમાણને વધુ સ્પષ્ટ કરે છે, જેમાં સર્વમાનવ સમાનતા અને અલ્લાહ સમક્ષ દરેકના અધિકારો પર ભાર મૂકાયો હતો. આથી, જાતિગત લાભ કરતાં સિદ્ધાંતોના આધારે સામૂહિક કાર્ય માટેની પ્રેરણા વધુ મજબૂત બની.

૪. સામાજિક ક્ષમતા

(નેટવર્ક બનાવવાની, પ્રયાસોનું સંકલન કરવાની અને સમુદાયના સામાજિક તંતુને સંચાલિત કરવાની ક્ષમતા)

મુહમ્મદ (સ.અ.વ.) સામાજિક બંધારણના નિષ્ણાત હતા—છૂટી-છવાઈ જાતિઓ અને સમુદાયોને કાર્યરત્ સમાજમાં ફેરવવાનું ભગીરથ કાર્ય કર્યું. તેમણે ગઠબંધન બનાવ્યા, પ્રતિસ્પર્ધાઓને સંચાલિત કરી, અને સતત સહકાર માટે મિકેનિઝમ બનાવી. મદીનાનું બંધારણ આ દૃષ્ટિએ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છેઃ તેમાં મુસ્લિમો, યહૂદીઓ અને અન્ય સમુદાયો માટે નિયમો, હક્કો અને ફરજો નક્કી કરવામાં આવી હતી, અને વિવાદ નિરાકરણ અને સામૂહિક સુરક્ષા માટેની શરતો મૂકવામાં આવી હતી. તેમણે વિવિધ સમુદાયને સહયોગી હેતુઓની આસપાસ સંગઠિત કર્યા, ધાર્મિક ફરજો અને નાગરિક જવાબદારીઓ વચ્ચે સંતુલન બનાવ્યું. તેમની સામાજિક ક્ષમતા વ્યવહારિક શાસન સુધી વિસ્તરી હતીઃ ધાર્મિક પાલનોનું સંકલન કરવું, વિવાદોમાં મધ્યસ્થતા કરવી, અને અભિયાનની યોજનાઓને સુસંગત રીતે ગોઠવવી. મદીનાના એક સામાજિક એકમથી વિવિધ વિસ્તારોમાં ઇસ્લામનું વિસ્તરણ લોકો, સરદારો અને સમુદાયોને સામાન્ય હેતુ માટે સંગઠિત કરવાની પયગંબરની ક્ષમતાના આધારે થયું.

કા'બાનું પુનર્નિર્માણ કરતી વખતે, કુરૈશના કબીલાઓમાં હજર-એ-અસ્વદ (કાળો પથ્થર) તેના સ્થાન પર કોણ મૂકે તે અંગે વિવાદ ઊઠ્યો. સંઘર્ષ ટાળવા માટે, મુહમ્મદ (સ.અ.વ.) એ પથ્થરને એક મોટી ચાદરમાં મૂકવાનું સૂચન કર્યું અને દરેક કબીલાના પ્રતિનિધિને તેને એકસાથે ઊંચું ઉઠાવવા માટે કહ્યું. જ્યારે પથ્થર તેના સ્થાને પહોંચ્યો, ત્યારે તેમણે તે પોતે મૂકી દીધો, પોતાના ડહાપણ અને સામાજિક કુશળતા દ્વારા આ મુદ્દો શાંતિપૂર્વક ઉકેલ્યો.

૫. માળખાકીય પ્રેરક

(એવી વ્યવસ્થા બનાવવી જે અર્થ, માન્યતાઓ અને પ્રોત્સાહન દ્વારા પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ લોકોને માર્ગદર્શન આપે)

માળખાકીય પ્રેરક એવી દૃઢ વ્યવસ્થાની રચના કરે છે, જે પેઢી દર પેઢી લોકોને પ્રેરણા આપે છે અને લાભાન્વિત કરતી રહે છે. મુહમ્મદ (સ.અ.વ.) એ ન્યાય, શિક્ષણ અને કલ્યાણ માટે સ્થાપિત કરેલા માળખાઓ દ્વારા તેનો ઉત્તમ દાખલો પ્રસ્તુત કર્યો હતો. તેમણે સ્પષ્ટ વ્યવહારિક પદ્ધતિઓ રજૂ કરી, જેમ કે ઝકાત પ્રણાલી, જે એક રચનાત્મક નાણાકીય મોડેલ હતું, જે સંપત્તિનું પુનર્વિતરણ સુનિશ્ચિત કરતું હતું જેથી કોઈ ભૂખ્યું ન રહે. તેમણે મસ્જિદે નબવીનું નિર્માણ કર્યું, જે શાસન, શિક્ષણ અને સામાજિક સુધારણાનું કેન્દ્ર બન્યું. તેમણે વેપારમાં સત્યનિષ્ઠા, સામાજિક અને આર્થિક રીતે નબળા લોકોની રક્ષા અને કબીલા વ્યવસ્થામાં પ્રવર્તતા ભેદભાવને પાર કરનારા સર્વવ્યાપક નૈતિક ધોરણો પર ભાર મૂક્યો. તેમના અંતિમ પ્રવચનમાં આ સિદ્ધાંતોને સમાનતા, સ્ત્રીઓના સન્માન અને તાનાશાહીના ઇનકાર જેવા સદાબહાર નિર્દેશો દ્વારા જોવા મળે છે.

પયગંબર મુહમ્મદ (સ.અ.વ.)એ પ્રભાવશાળી અને સનાતન સિદ્ધાંતો દ્વારા એક મૂળભૂત પરિવર્તન આણ્યુંઃ એકેશ્વરવાદ, સામાજિક ન્યાય, કરુણા અને અલ્લાહ સમક્ષ જવાબદેહી. આ આદર્શ માળખામાં નૈતિક વર્તન માત્ર

વ્યક્તિગત પસંદગી નહીં, પરંતુ સામાજિક જરૂરત બની ગઈ.

૬. માળખાકીય ક્ષમતા (દીર્ઘકાલીન સંસ્થાઓ, કાયદાઓ અને શાસન પ્રણાલીઓનું નિર્માણ)

મુહમ્મદ (સ.અ.વ.) એ દીર્ઘકાલીન સંસ્થાકીય વારસો છોડ્યો જેણે તેમના સંદેશને લાંબા ગાળાના સાંસ્કૃતિક બદલાવનો પ્રોજેક્ટ બનવામાં સક્ષમ બનાવ્યો. કેટલાક મહત્ત્વના પાસાઓ આ માળખાકીય ક્ષમતાને સમજાવે છેઃ

સંસ્થાઓ અને ઈબાદતના કેન્દ્રોઃ પ્રારંભિક મુસ્લિમ સમુદાયે મસ્જિદોની સ્થાપના કરી કે જેઓએ ઈબાદત, શિક્ષણ, સમાજ કલ્યાણ, વિવાદ નિરાકરણ અને સામુદાયિક નિર્ણય લેવાના સ્થાનો તરીકે સેવા આપી. આ સંસ્થાનો વિસ્તરી રહેલ સમાજના ધાર્મિક અને નાગરિક જીવનને કેન્દ્રો બન્યાં.

કાનૂની અને રાજકીય માળખુંઃ મદીના સંવિધાન લેખિત, બહુધર્મીય નાગરિક કરારનું સૌથી પ્રાચીન ઉદાહરણોમાંનું એક છે. તેમાં અધિકારો અને જવાબદારીઓ નક્કી કરવામાં આવ્યા, વિવાદ નિરાકરણના નિયમો નક્કી થયા અને વિવિધ સમૂહો વચ્ચે સામૂહિક સુરક્ષા અને સહકાર માટેનું માળખું પૂરૂં પાડવામાં આવ્યું.

આર્થિક અને સામાજિક સંસ્થાઓઃ ઝકાતની કલ્પના અને વકફની પ્રણાલી જેવી જાહેર કલ્યાણની પદ્ધતિઓએ એક એવી સામાજિક અર્થવ્યવસ્થાનો પાયો નાખ્યો જેનો હેતુ જરૂરિયાતમંદોની સંભાળ રાખવાનો અને સમાજમાં સંપત્તિનું નિયંત્રણ કરવાનો હતો. ‘બૈતુલ માલ‘ (રાજ્ય ખજાના) ની કલ્પના અને જાહેર હિતને ટકાવી રાખવા માટેની અન્ય વ્યવસ્થાઓનો આરંભ પયગંબર (સ.અ.વ.) ના સમયમાં થયો.

આધ્યાત્મિક અને ધાર્મિક સાતત્યતાઃ પયગંબર મુહમ્મદ (સ.અ.વ.)ની માર્ગદર્શિકાએ તેવા વિધિ-વિધાનો, ઈબાદતો અને દિશાનિર્ધારણો સ્થાપ્યા, જે પેઢી દર પેઢી મુસ્લિમ ઈબાદત અને દૈનિક જીવનને માર્ગદર્શન આપતા રહે, અને તેમના યુગથી આગળ પણ આ સાતત્યતા સુનિશ્ચિત થતી રહે.

આ માળખાકીય વ્યવસ્થાઓએ ઈસ્લામના પ્રસાર અને સામાજિક વ્યવસ્થાના પરિવર્તન માટે એક સ્થાયી પ્લેટફોર્મ ઊભું કર્યું. તેમના નેતૃત્વ હેઠળ ઊભી થયેલી સંસ્થાઓ, કાનૂની પ્રણાલીઓ અને કલ્યાણકારી પ્રથાઓ સદીઓ સુધી અને તેનાથી આગળ પણ મુસ્લિમ સમાજોને પ્રભાવિત કરતી રહી.

પયગંબર હઝરત મુહમ્મદ (સ.અ.વ.)નો પ્રભાવ કોઈ એક કાર્ય કે સમયના એક પળમાંથી નહીં, પરંતુ છ પરસ્પર જોડાયેલા તત્ત્વોના સુસંગત સમન્વયમાંથી પ્રગટ થાય છેઃ તેમની આંતરિક પ્રેરણાની શક્તિ, વ્યક્તિગત ક્ષમતાઓની વ્યાપકતા, સાંઝા હેતુ પ્રેરિત કરવાની શક્તિ, લોકોને સંગઠિત કરવાની ક્ષમતા, નિયમાત્મક પ્રોત્સાહનો સ્થાપિત કરવાની ક્ષમતા અને સ્થાયી સંસ્થાઓ ઊભી કરવાની કુશળતા. માઈકલ હાર્ટનું ‘ધી ૧૦૦’માં કરેલું મૂલ્યાંકન—જેમણે તેમને ઈતિહાસના સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં પ્રથમ સ્થાન આપ્યું — ઉપરોક્ત છ પરિમાણોમાં એક પ્રબળ આધાર મેળવે છે.

તેમની અડગ રહેલી વ્યક્તિગત શ્રદ્ધા, વિઝનને હકીકતમાં રૂપાંતરિત કરનાર ક્ષમતાઓનો ભંડાર, સમુદાયોને જોડનારી સામાજિક આકર્ષણશક્તિ, અને લોકોને લાંબાગાળાની વ્યવસ્થામાં ગોઠવનાર વ્યવહારુ નેટવર્ક્સ અને શાસનપ્રણાલીઓ. આ બધું સાથે મળીને સ્પષ્ટ કરે છે કે મુહમ્મદ (સ.અ.વ.) કેવી રીતે એક અદ્વિતીય પ્રભાવક બન્યા—જેઓનો પ્રભાવ સમય, ભૂગોળ, ભાષા અને સંસ્કૃતિની સીમાઓને પાર કરી જાય છે. •••

Eye Guard Opticals

Irfan Saiyad

Mo. : 98252 84358

We make spectacles as per Dr. Prescription.
Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point,
Hanuman Gali, Opp.
Kumar Sala No. 1,
Raopura, Vadodara

એક અહંકારી પાત્ર

અબૂ જહલનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ

સ્ટેથોસ્કોપ

✍ મુહમ્મદ જમાલ પટીવાલા

મનોવિશ્લેષણ (Psycho-analysis) એક એવી વિદ્યા છે, જેમાં એ બાબતનો તો ઉલ્લેખ નથી હોતો કે બીજમાંથી કેવી રીતે વૃક્ષ નીકળીને ફુલે-ફાલે છે, બલ્કે તેનાથી વિપરીત કોઈ ઊંચા-વિશાળ અને ફળદાર વૃક્ષને જોઈને એ જાણવાનો પ્રયાસ કરવામાં આવે છે કે તે ક્યાંથી આવ્યું હશે. બીજા શબ્દોમાં આ વિદ્યાથી માણસના કોઈ વિચિત્ર વલણ કે અનપેક્ષિત વર્તનના કારણો જાણવાની કોશિશ હોય છે. વિશેષરૂપે એ કારણો જેને સંબંધિત વ્યક્તિ પોતે પણ જાણતી ન હોય અથવા ભૂલી ચૂકી હોય, અથવા ઓછામાં ઓછું તેને ભાન નથી હોતું કે તેના આ વિચિત્ર અને અનપેક્ષિત વર્તનનું કારણ કોઈ ખાસ પ્રસંગ છે. સ્પષ્ટ છે કે આવા સંશોધનમાં, જે અજ્ઞાતથી જ્ઞાત તરફ જવા પર આધારિત હોય છે, મોટાભાગે અનુમાનોથી કામ લેવું પડતું હોય છે અને પરિણામે તેમાં સચોટતા તેની પૂર્ણ કક્ષાએ નથી હોઈ શકતી. પરંતુ આ વિદ્યાનું મહત્ત્વ અને તેના પર વિશ્વાસ એટલો વધી ગયો છે કે ભાગ્યે જ કોઈ તબીબ કે મનોવૈજ્ઞાનિક હશે જે રોગને કે મામલાને ઓળખવા આનો સહારો ન લેતો હોય. મને આ વિદ્યાનું કોઈ જ્ઞાન કે જાણકારી નથી. પણ છેલ્લા કેટલાય વર્ષોથી મારા જીવનમાં નિરંતર ચાલતી વાંચન-લેખનની પ્રવૃત્તિથી સીરતના કેટલાક પાત્રો વિષે મને હંમેશાં આશ્ચર્ય થતું કે એક સાચી વાતને આટલા બુદ્ધિશાળી, દીર્ઘદૃષ્ટિ ધરાવનાર અને સૂઝબૂઝવાળી વ્યક્તિઓ કેમ ખોટી ઠેરવે છે? સરળ, સહજ અને સાદું, પણ તદ્દન નિર્દોષ-નિષ્કલંક વ્યક્તિત્વ ધરાવતા, મિલનસાર, અને વળી ઉચ્ચ ચારિત્ર્ય ધરાવતા વ્યક્તિ, જેને લોકો 'સાદીક' અને 'અમીન' કહેતા અને માનતા હોય, પ્રભાવશાળી અને પ્રતિષ્ઠિત પરિવારમાંથી આવતા પયગંબર હઝરત મુહમ્મદ સ.અ.વ.ની વાતને ન માત્ર ઇનકાર કરવાનું, બલ્કે તન-મન-ધનથી ઘોર વિરોધ કરવાનું કારણ શું હોઈ શકે ? આવા પાત્રોનો અનુભવ આજે પણ થાય છે, અને સીરતમાં તો આવા નમૂનારૂપ પાત્રો ઇતિહાસકારોએ નોંધ્યા છે. કુર્આનમાં પણ તેમનો નામી-અનામી ઉલ્લેખ મળે છે.

આ બધામાં એક પાત્ર છે અબૂ જહલનું. તેનું અસલી નામ અમ્ર બિન હિશામ હતું. આરબ મુશરિકો તેને ખૂબ બુદ્ધિશાળી અને હોંશિયાર સમજતા હતા અને કુરૈશના બુઝુર્ગો તેને ચતુર અને સમજદાર માનતા હતા, જેને લઈને લોકો તેને 'અબુલ હકમ' (Father of Wisdoms) કહેતા. તેના અભિપ્રાય પર સૌ ભરોસો કરતા અને પોતાની સભાઓમાં એક હોંશિયાર સભ્યના રૂપમાં તેના પર નિર્ભર રહેતા. માત્ર ત્રીસ વર્ષની ઉંમરમાં તે દારૂન-નદવામાં આયોજિત વિશેષ સભાઓમાં સામેલ રહેતો, જ્યારે કે દારૂન-નદવાના સભ્ય બનવા માટેની ઓછામાં ઓછી ઉંમર ૪૦ વર્ષ જરૂરી હતી.

પણ મુસલમાનો તેને 'અબૂ જહલ' કહે છે. તે એટલા માટે કે તેણે નબી કરીમ (સ.અ.વ.) અને તત્કાલીન મુસલમાનોને હેરાન કરવામાં અને અત્યાચાર કરવામાં કોઈ કસર રાખી ન હતી. મૂળ વાત એ હતી કે તે સચ્ચાઈને જાણતો હતો અને તેનો સ્વીકાર પણ કરતો હતો, છતાં તે નબી કરીમ (સ.અ.વ.)નો સખત વિરોધ કરતો હતો. તેની માનસિક્તાને કેટલાક પ્રસંગોથી સમજીએ.

તાઇફની એક વ્યક્તિ અલ-મુગીરાહ ઇબ્ને શુ'બાહ (જેમણે પાછળથી ઇસ્લામ સ્વીકારી લીધો હતો, (રદિ.) એક વાર મક્કા ગયા. તેઓ અબૂ જહલ સાથે શેરીઓમાં ચાલી રહ્યા હતા ત્યારે નબી કરીમ (સ.અ.વ.) સાથે ભેટો થઈ ગયો. નબી (સ.અ.વ.)એ અબૂ જહલને ઇસ્લામનું આમંત્રણ આપ્યું અને કહ્યું, ''તમે ઇસ્લામ કેમ સ્વીકારતા નથી અને મને અલ્લાહના રસૂલ તરીકે કેમ નથી માનતા ?'' અબૂ જહલે કહ્યું, ''હે મુહમ્મદ ! તમે અમારા ખુદાઓને શાપ આપવાનું ક્યારે બંધ કરશો ? જો તમે ઇચ્છો છો કે અમે સાક્ષી આપીએ કે તમે તમારા મિશનને પૂર્ણ કર્યું છે, તો અમે તમારા માટે સાક્ષી આપીશું; અને જો મને ખબર હોત કે તમે સત્ય કહી રહ્યા છો, તો હું પહેલાંથી જ તમારા અનુસરણમાં આવી ગયો હોત.'' પછી નબી કરીમ (સ.અ.વ.) ત્યાંથી જતા રહ્યા. અબૂ જહલે અલ-મુગીરાહ તરફ જોયું અને કહ્યું, ''મને ખબર છે કે તેઓ સાચું કહી રહ્યા છે, પરંતુ કંઈક મને રોકી રહ્યું છે.'' અબૂ જહલે આગળ કહ્યું, ''કુસઈ ઇબ્ને કિલાબ ઇબ્ને મુર્રાહના

વંશજો કા'બાના મુતવલ્લી, હાજીઓને પાણી પીવડાવવાની વ્યવસ્થા, વેપાર-વાણિજયનો પ્રબંધ, સશસ્ત્ર દળોની સત્તા અને અન-નદવાનો અધિકાર ઇચ્છતા હતા. અમે તેના માટે બધું બલિદાન આપ્યું, અને પછી અમે એક-બીજાથી આગળ નીકળી જવા તેમની સાથે સ્પર્ધા કરવાનું શરૂ કર્યું. જ્યારે અમે ખભ્ભેથી ખભા મેળવીને દોડી રહ્યા છીએ, ત્યારે તેઓ કહે છે કે 'અમારી વચ્ચે એક પયગંબર છે' હવે અમે તેમની વાત કેવી રીતે માની લઈએ ? અલ્લાહના સોગંદ ! અમે ક્યારેય તેને માનીશું નહીં." (ઇબ્ને અબી શૈબા, ૭/૨૫૫)

આવા એક બીજા પ્રસંગને જોઈએ. ઇબ્ને ઇસ્હાકે ઝુહરીના હવાલાથી લખ્યું છે કે અબૂ સુફિયાન બિન હર્બ, અબૂ જહલ બિન હિશામ અને અલ-અખનાસ બિન શુરૈક પોતપોતાની રીતે, કોઈને ખબર ન પડે એ રીતે એક રાત્રે અલ્લાહના રસૂલ (સ.અ.વ.)ને સાંભળવા માટે બહાર ગયા, જ્યારે તેઓ નમાઝ પઢતા હતા. ત્રણેય એવી રીતે જુદી-જુદી જગ્યાએ બેસ્યા હતા કે એકને બીજાની ખબર ન હતી. જ્યારે તેઓ પાછા ઘર જવા નીકળ્યા, તો રસ્તામાં એક-બીજાને જોયા અને દરેક બીજાને ઠપકો આપતો હતો કે હવે પછી ન આવજો, ક્યાંક એવું ન થાય કે કોઈ તમને જોઈ લે અને તમારા વિષે ભ્રમણામાં પડી જાય (કે તમે જે સાંભળીને આવ્યા છો તેને તમે પસંદ કરો છો). તેઓ છૂટા પડ્યા. આવું સતત ત્રણ રાત્રે બન્યું અને ફરી આવું નહીં કરીએ તેવા સોગંદ ખાઈને છૂટા પડ્યા.

સવારે અલ-અખ્નાસ પોતાની લાકડી લઈને પહેલા અબૂ સુફિયાનના ઘરે ગયો... અને પછી અબૂ જહલ પાસે ગયો અને કહ્યું, "હે અબૂલ હકમ (એટલે કે અબૂ જહલ) ! મુહમ્મદ પાસેથી તમે જે સાંભળ્યું છે તેના વિશે તમારો શું વિચાર છે ?" તેણે કહ્યું, "તમે સાંભળ્યું છે અમે અને બનૂ અબ્દે મનાફ માન અને પદ માટે સ્પર્ધા કરી. તેઓ લોકોને ખવડાવતા, તેથી અમે પણ લોકોને ખવડાવતા. તેઓ યુદ્ધમાં જોડાયા, તેથી અમે પણ યુદ્ધમાં જોડાયા. તેમણે દાન આપ્યું, તેથી અમે પણ આપ્યું. આમ, અમે તેમના સાથે-ને-સાથે રહ્યા, જે રીતે રેસના બે ઘોડાઓ હોય છે. પછી તેમણે કહ્યું, 'અમારા વચ્ચે એક પયગંબર છે, જેને દિવ્ય-લોકમાંથી વહી આવે છે.' હવે અમે આનો મુકાબલો કેવી રીતે કરી શકીએ છીએ ? અલ્લાહના સોગંદ ! અમે ક્યારેય તેના પર ઈમાન નહીં લાવીએ." (ઇબ્ને હિશામ, ભા-૧, ઇબ્ને કસીર, તફસીર : સૂરઃ અન્આમ (૬:૩૩) ભા-૨) મુકાતિલ નોંધે છે કે અબૂ જહલે કહ્યું, "અલ્લાહના સોગંદ! અમે ક્યારેય તેના પર ઈમાન નહીં લાવીએ, અને ક્યારેય તેનું અનુસરણ નહીં કરીએ, જ્યાં સુધી જે રીતે તેના પર વહી આવે છે તે રીતે અમારા પર પણ વહી ન આવે." (તફસીર અલ-બઘવી, સૂરઃ અન્આમ, ૬:૧૨૪)

ઇબ્ને જરીર નોંધે છે કે બદ્રના દિવસે અલ-અખ્નાસ અબૂ જહલને ખાનગીમાં મળ્યો અને કહ્યું, "હે અબૂલ હકમ ! મને મુહમ્મદ વિષે કહો તેઓ સાચા છે કે જૂઠા ? અત્યારે આપણા બે સિવાય કુરૈશમાંથી અહી કોઈ નથી જે આપણી વાત સાંભળી શકે." અબૂ જહલે કહ્યું, "ઓહો ! અલ્લાહના સોગંદ ! મુહમ્મદ તદ્દન સાચા છે. મુહમ્મદ પોતાના જીવનમાં ક્યારેય પણ જૂઠ નથી બોલ્યા. પણ જો કુસઈ કબીલા પાસે નેતૃત્વ, પવિત્ર ઘર (કા'બા)ની વ્યવસ્થા, હાજીઓને પાણી પીવડાવવાના પ્રબંધનું સન્માન અને નુબુવ્વતનું પદ તેમના એકલાની જ સત્તા જતું રહે તો પછી બાકીના કુરૈશની પાસે શું રહી જશે ?" (તફસીર ઇબ્ને કસીર, તફસીર અલ-બઘવી, સૂરઃ અન્આમ, ૬:૩૩)

બદ્રના યુદ્ધમાં મુઆઝ અને મુઅવ્વિઝ નામના બે નવયુવાનોએ જ્યારે અબૂ જહલને કતલ કરી નાખ્યો, તો નબી કરીમ સ.અ.વ.એ ફરમાવ્યું, "કોણ છે, જે અબૂ જહલને જોઈને તેની હાલત બતાવે ?" તો હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ રદિ.એ લાશોની વચ્ચે જઈને જોયું કે અબૂ જહલ જખમી થઈને છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે. તેનું આખું શરીર બખતરોથી ઢંકાયેલું હતું અને તેની તલવાર હજુ પણ તેના હાથમાં હતી જે તેની જાંઘ પર પડેલી હતી. જખમોથી ચૂર તે હલી શકવાની સ્થિતિમાં પણ ન હતો. હઝરત ઇબ્ને મસ્ઊદ રદિ. એ પોતાનો પગ તેની ગરદન પર મૂક્યો, એ હાલતમાં પણ તેના અહંકારની સ્થિતિ એ હતી કે નાક ચઢાવીને ઘૃણાથી બોલ્યો, "હે બકરીઓ ચરાવનારા ! તું ખૂબ ઉચ્ચ અને મુશ્કેલ જગ્યા પર ચઢી ગયો !" (ઇબ્ને હિશામ, ૨૬૨-૨૬૩) અને પછી કહ્યું, "તારા નબીને મારો એ સંદેશ પહોંચાડી દેજે કે હું જીવનભર તેનો દુશ્મન રહ્યો છું અને અત્યારે પણ મારી દુશ્મનાવટ તેનાથી પણ વધારે તીવ્ર છે." ઇમામ બયહકી લખે છે કે જ્યારે હઝરત ઇબ્ને મસ્ઊદ રદિ. એ પોતાનો પગ તેની ગરદન પર મૂકીને કહ્યું કે અબૂ જહલ ! તેં જોયું અલ્લાહ તઆલાએ તને કેવો અપમાનિત કર્યો? તો આ હાલતમાં પણ તેણે કહ્યું, "આ

તમારા માટે કોઈ સિદ્ધિ નથી. આ તો તદ્દન એવું જ છે કે કોઈ એક દેશવાસીએ પોતાના દેશવાસીની હત્યા કરી હોય. જો કે મને ખેડૂતોના હાથે માર્યા જવાનો અફસોસ છે. કાશ, મને કોઈ બીજાએ માર્યો હોત !" (દલાઇલ અન્-નુબુવ્વહ, ઇમામ બયહકી) હઝરત ઇબ્ને મસ્ઊદ રદિ. કહે છે કે, "હું મારી બુઠ્ઠી તલવારથી અબૂ જહલના માથા પર ફટકા મારવા લાગ્યો, જેનાથી તલવાર પર તેની પકડ ઢીલી થઈ ગઈ. મેં તેના હાથમાંથી તલવાર છીનવી લીધી. જીવનના છેલ્લા શ્વાસની સ્થિતિમાં પણ તેણે માથું ઊંચું કર્યું અને પૂછ્યું – જીત કોની થઈ? મેં કહ્યું – અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.ની. પછી મેં તેની દાઢી પકડીને હલાવ્યો અને કહ્યું – એ અલ્લાહનો શુક્ર છે કે જેણે હે અલ્લાહના દુશ્મન ! તને અપમાનિત કર્યો. પછી મેં તેની તલવારથી તેની ગરદન પર વાર કર્યો, તેનું માથું ધડથી અલગ થઈને દૂર જઈને પડ્યું. પછી મેં તેના હથિયારો, બખ્તર વગેરે ઉતાર્યા અને તેનું માથું ઉઠાવીને નબી કરીમ સ.અ.વ. પાસે હાજર થયો અને કહ્યું, "હે અલ્લાહના રસૂલ સ.અ.વ. ! આ અલ્લાહના દુશ્મન અબૂ જહલનું માથું છે." નબી કરીમ (સ.અ.વ.) એ ત્રણ વખત ફરમાવ્યું, "અલ હમ્દુલિલ્લાહ, શુક્ર છે અલ્લાહનો જેણે ઇસ્લામ અને મુસલમાનોને ઇજ્જત બક્ષી." પછી સિજદો કર્યો અને ફરમાવ્યું, "પ્રત્યેક ઉમ્મતનો એક ફિરઔન હોય છે, અને આ ઉમ્મતનો ફિરઔન અબૂ જહલ હતો."

આ એવું પાત્ર છે કે જેના માટે સમયના પયગંબરે દુઆ કરી, પણ તે પોતાના અહંકાર અને જીદની જાળમાં એવો ફસાઈ ગયો હતો કે તેમાંથી મૃત્યુ પર્યંત ન નીકળી શક્યો. અહંકાર અને જીદ વ્યક્તિને સત્ય સુધી પહોંચવા નથી દેતા. સત્ય દુનિયામાં વ્યક્તિની પ્રતિષ્ઠા અને ગૌરવનું સિંચન કરે છે, તેના વ્યક્તિત્વને નિખારે છે અને આખિરતમાં તેને સફળતા અપાવે છે. નબી કરીમ સ.અ.વ.એ મક્કાના કપરા સંજોગોમાં દુઆ કરી હતી કે, "હે અલ્લાહ ! આ બંને, અર્થાત્ અબૂ જહલ અને ઉમર બિન ખત્તાબમાંથી, જે તને પ્રિય હોય, તેના દ્વારા ઇસ્લામને પ્રભુત્વ અને શક્તિ પ્રદાન કર." અબૂ જહલે પોતાનું દુર્ભાગ્ય પોતે લખ્યું હોય તેવું થયું અને તેણે સત્યનો, ન માત્ર ઇનકાર કરવાનું, બલ્કે તેનો વિરોધ કરવાનું દુઃસ્સાહસ કરી નાખ્યું. પછી આપ સ.અ.વ.એ ફરમાવ્યું, "તો આ બન્નેમાંથી ઉમર અલ્લાહના પ્રિય નીકળ્યા." (સુનન તિર્મિઝી, ૩૬૮૧) •••

વાચકો જોગ સૂચના

પ્રિય ગ્રાહકો

★ **"યુવાસાથી" માસિક દર મહિનાની ૩જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જો તે મહિનાની ૧૦ તારીખ સુધી આપને ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા અમારા વ્હાલા વાચક મિત્રોને વિનંતી છે.**

★ **"યુવાસાથી" માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી કે પછી ઓનલાઇન Google Pay, Phone Pe વિ.થી પણ લવાજમ મોકલી આપે.**

★ **પોસ્ટમેન નિયમિત ડિલિવરી કરતા ન હોવાથી વાચકોને કોપીઓ નિયમિત મળતી નથી. તેથી જે વાચક મિત્રો "યુવાસાથી" કુરિયરથી મંગાવવા ઇચ્છતા હોય તો તેમણે લવાજમની રકમ રૂ. ૩૦૦ ઉપરાંત રૂ. ૧૮૦ વધારે આપવા.**

● **મેનેજર, "યુવાસાથી" ગુજરાતી માસિક**

Reg.No. A-7183

Google Reviews 4.8 ★★★★★ Top Rated Dental Clinic

Dr. Saba Baloch
B.D.S.
(Dental Surgeon)

Dr. Saba Dental Clinic
Multi Speciality Family Dental Care

:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring | Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge | Prosthesis
Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair

Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm
Available on Emergency Trauma Cases +91 99983 60503
Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com

સાચો વૈભવ

ચિંતન

✍ રિઝવાન અહમદ

આજના યુગમાં જ્યારે ચારેય તરફ ટેક્નિકલ પ્રગતિ, આર્થિક ઉપલબ્ધિઓ અને ભૌતિક વિકાસની વસંત ઋતુ વ્યાપ્ત છે. ત્યારે પણ મનુષ્યનો આત્મા વિચલિત છે. દરેક તરફ તનાવ, અશાંતિ અને બેચેની વ્યાપ્ત છે. માનવી પાસે સુખ-સુવિધાઓ છે, સાધન છે, પરંતુ સાચો સંતોષ નથી. એ દોડે છે, થાકે છે, તેમ છતાં રોકાતો નથી. તેની અંદર એક અધૂરી તૃષા છે, જેને છિપાવવા માટે એ દોડતો જ જઈ રહ્યો છે.

આ દોટ ક્યારેક ધનની તરફ હોય છે, ક્યારેક યશ કે ખ્યાતિ ભણી, ક્યારેક પદની ભણી અને ક્યારેક કોઈક સંબંધ ભણી. પછી ક્યારેક એ બધું પામી પણ લે છે, તો પણ તેની ભીતર કોઈ ખાલીપો બનેલો રહે છે. આ ખાલિપો જ તેની બેચેની કે વ્યાકૂળતાનો મૂળ છે. સૌથી મોટો ધોખો આ છે કે માણસને લાગે છે કે જે મને જોઈએ છે, એ બાહ્ય જગતમાં છે. આથી તે એક એવું આવરણ ઓઢી લે છે કે જેનાથી અન્યોને એ સફળ દેખા દે છે, જો કે ભીતરમાં એ સ્વયં પોતાને અધૂરો અનુભવે છે.

આપણે જોઈએ છીએ કે કોઈ માણસ વધુ ધન-દૌલત અને ખ્યાતિ પ્રાપ્ત કરી લે છે, તો તેના જીવનને આપણે સફળ માની લઈએ છીએ. તેની ચારેય તરફ મીડિયા, સમાજ અને લોકોની પ્રશંસા હોય છે. પરંતુ જ્યારે એ માણસની નિકટ જઈને તેની આંખોમાં ઝાંકીએ છીએ તો ત્યાં પણ એ જ બેચેની, વ્યાકૂળતા, એ જ અસંતોષ અને એ જ ગાઢ ઉદાસી હોય છે. બાહ્ય ઉપલબ્ધિઓની અતિશયતા પણ તેને આત્મિક સંતોષ નથી આપી શકતી.

એવામાં એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઉદ્ભવે છે કે આ દોટ ક્યારે થોભશે ? શું આ દોટ ક્યોરય સમાપ્ત થશે ખરી ? આ પ્રશ્ન જેટલો ગાઢ છે, તેનો ઉત્તર પણ એટલો જ સૂક્ષ્મ છે. આ દોટ વાસ્તવમાં એ ક્ષણ સુધી અટકતી નથી કે જ્યાં સુધી મનુષ્ય પોતાના વાસ્તવિક સ્વરૂપને ઓળખી નથી લેતો.

મનુષ્ય જ્યાં સુધી પોતાને માત્ર શરીર માને છે, ત્યાં સુધી તેની તમામ જરૂરિયાતો પણ ભૌતિક હોય છે. ખાવું-પીવું, નોકરી, પદ, ઘર, ગાડી, પરિવાર વિ.. પરંતુ આ સૌની વચ્ચે પણ કંઈક એવું છે જે તેના હૃદયને શાંતિ નથી આપતું. કેમ ? કેમકે એ સ્વયં શરીરથી પર આત્મા છે. એક ચેતના, એક રૂહ (આત્મા) જે પરમ સત્યની ભણી પરત ફરવા ચાહે છે.

મનુષ્યની પાસે જે સૌથી મોટી ક્ષમતા છે, એ વિચારવા, સમજવા અને આત્મ-મૂલ્યાંકન કરવાની શક્તિ છે. આ શક્તિ તેને અન્ય જીવોથી અલગ બનાવે છે. એ ફક્ત પોતાના પેટની ભૂખને જ નથી ઓળખતો, બલ્કે એ આત્માની ભૂખને પણ અનુભવે છે, પરંતુ મોટેભાગે તેને ઓળખી નથી શકતો.

જ્યાં સુધી એ ઓળખ નથી થઈ જતી ત્યાં સુધી એ પોતાના દુઃખોનો ઈલાજ બાહ્ય ઉપાયોથી કરે છે; અને આ ઉપાય માત્ર અસ્થાયી રાહત આપે છે, સમાધાન

કે ઉકેલ નહીં. આત્માની તૃષાને ભૌતિક વસ્તુઓથી છિપાવી શકાય નહીં.

આનું સમાધાન કે ઉકેલ ત્યાં સુધી નહીં મળે જ્યાં સુધી એ પોતાના આત્માના પોકારને સાંભળશે નહીં. એ શાંતિ માત્ર ત્યારે જ શક્ય છે કે જ્યારે મનુષ્ય આ માને કે "હું આ સંસારમાં અસ્થાયી રૂપથી મોકલવામાં આવ્યો છું, મારૂં અંતિમ ઠેકાણું કોઈ અન્ય (સ્થાન) છે, અને મારો હેતુ માત્ર ધન-સંચય નથી, બલ્કે પોતાના સૃષ્ટિકર્તાને ઓળખવો છે."

ઈસ્લામ આ ગૂઢ પ્રશ્નનો ખૂબ જ સંતુલિત અને ગહન ઉત્તર આપે છે. કુર્આનમાં અલ્લાહતઆલા ફરમાવે છે,

"આવા જ લોકો છે તેઓ, જેમણે (આ નબીનો સંદેશ) માની લીધો છે અને તેમના હૃદયોને અલ્લાહના સ્મરણથી સંતોષ પ્રાપ્ત થાય છે." (સૂરઃ રઅ્દ, આયત-૨૮)

એટલે કે જે હૃદયો બેચેન-વ્યાકુળ છે, તેમને ચેન ફક્ત એ 'ઝિક્ર' (સ્મરણ)થી મળે છે જે તેને તેની સાચી ઓળખ સાથે સાંકળે છે. રબની ઓળખ, રબની યાદ અને રબનો રાહ.

ઈસ્લામ આ નથી કહેતો કે ધન-દૌલત કે પદ પ્રાપ્ત કરવો બૂરૂં છે, બલ્કે તે આ કહે છે કે આ બધા સાધન છે, ઉદ્દેશ્ય નથી. અલ્લાહતઆલા કુર્આનમાં ફરમાવે છે :

"જે માલ અલ્લાહે તને આપ્યો છે તેના વડે આખિરતનું ઘર બનાવવાની ચિંતા કર અને દુનિયામાંથી પણ પોતાનો હિસ્સો ન ભૂલ." (સૂરઃ કસસ, આયત-૭૭)

એટલે કે આ જીવન પણ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ આનું કેન્દ્ર બિંદુ માત્ર આ જ ન હોવું જોઈએ. જો આ જીવન માત્ર ભોગ-વિલાસ માટે જ બન્યું હોત, તો મૃત્યુ કેમ હોત ? તો દુઃખનું અસ્તિત્વ કેમ હોત ?

જ્યારે મનુષ્ય આ સમજી લે છે કે તેનું વાસ્તવિક મૂલ્ય તેના આત્મામાં છે, ત્યારે તે એક નવી દુનિયામાં પ્રવેશ કરે છે. એ દુનિયામાં એ અન્યોને પોતાનો શત્રુ નહીં સહયોગી સમજે છે. ત્યાં ઈર્ષાના સ્થાને સદ્ભાવ હોય છે. ત્યાં લોભના સ્થાને કૃતજ્ઞતા હોય છે.

ઈસ્લામી શિક્ષણ મુજબ દરેક મનુષ્યમાં એક 'ફિત્રત' (સ્વાભાવિક પ્રકૃતિ) હોય છે, જે તેને ભલાઈ, ન્યાય, કરૂણા અને સત્ય તરફ પ્રેરે છે. પરંતુ જ્યારે તે ફક્ત ભૌતિકવાદની ઝાકઝમાળમાં ગૂંચવાઈ જાય છે, તો તેનો આ સ્વભાવ દબાઈ જાય છે, અને તે ભ્રમમાં જીવવા લાગે છે.

જ્યારે વ્યક્તિ સ્વયંને શરીર સમજી બેસે છે, જ્યારે તેને લાગે છે કે સર્વસ્વ ધન, પદ, સુવિધામાં જ નિહિત છે, જ્યારે એ ફક્ત પોતાના પરિવાર, જાતિ, ધર્મ કે રાષ્ટ્રને જ "પોતાનું" માનવા લાગે છે અને અન્યને "પારકા", જ્યારે દરેક વ્યક્તિ અન્યને જોઈને સ્વયંને "કમતર" (લઘુ) મહેસૂસ કરે છે; ત્યારે તેનું જીવન અશાંતિઓથી ભરાવા લાગે છે.

આ સૌનો ઈલાજ એક જ છે, અને તે દૃષ્ટિકોણનું વિસ્તરણ અને આત્માની ઓળખ. જ્યાં સુધી આપણે દરેક મનુષ્યને સન્માન નહીં આપીએ, ત્યાં સુધી આપણી અંદર શાંતિ નહીં આવે. અન્યોને પોતાના હરીફ પ્રતિસ્પર્ધી અથવા "પારકો" માનવાની ભાવના એ હિંસાનું બી છે.

અને આ ભાવના ત્યાં સુધી નથી મટતી જ્યાં સુધી મનુષ્ય આ નથી સમજતો કે બધા મનુષ્યો મૂળ રીતે એક જ સ્રોતથી આવ્યા છે. જ્યાં સુધી તે આ નથી માનતો કે દરેક આત્મા ચાહે એ ગમે તે જાતિ, ધર્મ કે ભૂગોળ (ભૂ-ભાગ, પ્રદેશ)થી સંબંધિત હોય, એ જ રબ દ્વારા બનાવાયેલ છે, જેણે તેને પોતે બનાવ્યો છે. આ જ એ ચેતના છે જે મનુષ્યને નાનો કે લઘુ વિચારવાથી રોકે છે, અને તેની ભીતર વ્યાપકતા, સહઅસ્તિત્વ અને કરૂણાના બી વાવે છે.

આ જ એ ક્ષણ હોય છે જ્યારે ભીતરથી એક પોકાર ઊઠે છે કે હવે પાછા ફરો. હવે એ તરફ દોડો જ્યાંથી તમારો આત્મા આવ્યો હતો. કુર્આન આ જ પોકાર બનીને કહે છે : **"તો દોડો અલ્લાહ તરફ, હું તમારા માટે તેના તરફથી સ્પષ્ટપણે સચેત કરનાર છું." (સૂરઃ ઝારિયાત, આયત-૫૦)**

આ દૃષ્ટિકોણ આપણા હૃદયને મોટું બનાવે છે, અને આપણા જીવનને એક નવી દિશા ચીંધે છે. જ્યારે મનુષ્ય સ્વયં પોતાને ઓળખી લે છે, જ્યારે એ પોતાના આત્માને જાણી લે છે, અને પોતાના રબની તરફ પાછો ફરે છે, ત્યારે એ સમજે છે કે તેણે બીજું કંઈ મેળવવા કે પામવાની આવશ્યકતા નથી. ધન, પદ, પ્રસિદ્ધિ બધું જ આવતા-જતા રહે છે. પરંતુ જે રબની સાથે સંબંધ જોડી લે છે એ ક્યારેય એકલો નથી રહેતો. એ જ એની શાંતિ છે, એ જ એની સફળતા છે.

"ખરેખર સફળ થઈ ગયો તે જેણે આત્માને વિશુદ્ધ અને વિકસિત કર્યો, અને નિષ્ફળ થયો તે જેણે તેને દબાવી દીધો." (સૂરઃ શમ્સ, આયત-૯, ૧૦)

આથી આ યુગની બેચેનીનો ઈલાજ માત્ર ધ્યાન, મનન કે મનોવિજ્ઞાનમાં નથી, બલ્કે એ પૂર્ણ સત્યની તરફ પરત ફરવામાં છે, જેણે આપણને પેદા કર્યો, અને જે આપણી દરેક જરૂરિયાતને જાણનાર છે.

જ્યાં દોટ પૂરી થાય છે, ત્યાંથી જ સાચું જીવન શરૂ થાય છે. એ જીવન કે જેમાં શાંતિ છે કૃતજ્ઞતા છે, અને સૌથી વધીને એક એવો સંતોષ જે આપણને આ જગતથી નહીં બલ્કે પોતાના રબથી મળવાથી પ્રાપ્ત થાય છે.

•••

શું આપણે 'સાંભળવું' જાણીએ છીએ ?

સૌંદર્ય બોધ

✍ તબાના નૂરી

આપણી કાર્ય-સંસ્કૃતિમાં 'બોલવું' મોટાભાગે યોગ્યતાનું પ્રમાણ માની લેવામાં આવે છે, જ્યારે કે 'સાંભળવું' એક ગૌણ, ક્યારેક ક્યારેક ઉપેક્ષિત ક્ષમતાના રૂપમાં રહી જાય છે. આ પ્રવૃત્તિ વિશેષ રૂપે સંસ્થાગત્ સંવાદ જેમકે મિટિંગ્સ, નીતિ-નિર્ધારણ કે ઘડતરની બેઠકો અને ટીમ ચર્ચાઓમાં સ્પષ્ટ રૂપથી જોવા મળે છે. જ્યારે સંવાદનો ઉદ્દેશ્ય 'સમજવું' નહીં બલ્કે 'પ્રભાવ પાડવો' બની જાય, તો મિટિંગ્સ વિચાર-વિનિમયના બદલે આત્મ-પ્રદર્શનનું મંચ બની જાય છે. આવામાં આ પ્રશ્ન જરૂરી બની જાય છે. : શું આપણે ખરેખર 'સાંભળવું' જાણીએ છીએ ? અને શું આપણે સંવાદને ફક્ત સૂચના-માહિતીની આપ-લે સુધી સીમિત કરી દીધો છે ? અથવા એ હજી પણ સહયોગ, ઈમાનદારી અને આત્મ-જવાબદેયિતાનું માધ્યમ છે ? આ જ ચિંતન ''સંવાદની સંસ્કૃત્તિ અને સાંભળવાની કળા''ની ચર્ચાને અત્યંત પ્રાસંગિક બનાવે છે.

દેશના કોર્પોરેટ સેક્ટરથી લઈને સામાજિક સંગઠનો અને સરકારી-કાર્યાલય સુધી, ''મિટિંગ કલ્ચર'' હવે કાર્ય-વ્યવસ્થાનો એક અનિવાર્ય ભાગ બની ચૂકયો છે. રિપોર્ટિંગ, મૂલ્યાંકન અને રણનીતિ, દરેક વસ્તુ આના જ દ્વારા નક્કી થાય છે, પરંતુ એક પ્રશ્ન વારંવાર ઊભરે છે : શું આપણી મિટિંગ્સ ખરેખર વિચાર-વિનિમયની મંચ બની રહી છે, અથવા તો આ ફક્ત આત્મ-પ્રદર્શનનું એક સાધન-માત્ર બનીને રહી ગઈ છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં આપણે કદાચ બે પાસાઓને જોવા પડશે. એક આપણી સંવાદ સંસ્કૃતિ (Communication Culture) અને બીજું, માનસિક તૈયારી (Mental Readiness) જેને લઈ લોકો આ બેઠકોમાં જાય છે.

એક અસુવિધાજનક સત્ય

હાલની કેટલીય પરિયોજના સમીક્ષાઓ અને નીતિ ચર્ચાઓમાં જોવામાં આવ્યું છે કે અસહમતિને

મોટેભાગે ''અવજ્ઞા'' કે ''નકારાત્મકતા'' સમજી લેવામાં આવે છે. આની પાછળ એક સાંસ્કૃતિક ભૂલ છે. આપણે સંવાદને ''બહેસ'' માનીએ છીએ અને ''બહેસ''ને જીતવા માટેનું મેદાન. આ વિચારમાં ''સાંભળવું'' એક કમજોરી બની જાય છે, અને ''કહેવું'' કે ''બોલવું'' એ શ્રેષ્ઠતાનું પ્રમાણ. પરંતુ ''સંવાદ'' ત્યારે જ સશક્ત હોય છે, જયારે તેમાં ''અસહમતિ''નું સ્થાન હોય, આ શરતે કે તે સન્માનજનક હોય.

મિટિંગમાં કઈ ભાવના સાથે જાય છે લોકો !

સામાન્ય રીતે જોવામાં આવે છે કે મોટાભાગના લોકો મિટિંગ માટે તૈયારી તો કરે છે પરંતુ તેમાં ચર્ચાનાર વિષય માટે નહીં, બલ્કે આ વાત માટે કે તેઓ કેવી રીતે સારા દેખાશે ? આ ''છબી-સુધાર અભિયાન''ને નષ્ટ કરી દે છે.

આ સ્થિતિ કોઈ એક સંસ્થાનની નથી બલ્કે વ્યાપક પ્રવૃત્તિ છે. કેટલીય વખત લોકો કોઈ પણ સમીક્ષામાં માત્ર આ ઈરાદાથી જાય છે કે પોતાનો અભિપ્રાય થોપી શકે, વિરોધ નોંધાવી શકે, અથવા તો પછી નિષ્ક્રિય મૌનમાં બેસીને સમય પસાર કરી શકે. પરિણામ-સ્વરૂપ, સમગ્ર પ્રક્રિયા એક રચનાત્મક સંવાદ નહીં બલ્કે ઔપચારિક રિપોર્ટિંગ બનીને રહી જાય છે. દરેક મિટિંગથી પહેલાં જો આ પ્રશ્ન સ્વયંને પૂછવામાં આવે કે ''શું હું ખરી નીય્યતથી આ વાતચીતનો ભાગ બનવા જઈ રહ્યો છું ? તો કદાચ વાતચીતનો સ્વભાવ જ બદલાઈ જાય.

સહયોગ કે પ્રતિયોગિતા ?

કોર્પોરેટ જગતમાં મોટેભાગે મિટિંગ્સ ''આઈડિયા શેયરિંગ''ના બદલે ''આઈડિયા માર્કેટિંગ''નું માધ્યમ બની જાય છે. સમાજસેવી સંસ્થા-સંગઠનોમાં પણ આ પ્રવૃત્તિ જોવામાં આવી છે કે 'વરિષ્ઠ' (સીનિયર) લોકોની વાતને આલોચના વિના સ્વીકારી લેવામાં આવે છે, જયારે કે જૂનિયરના અભિપ્રાયમાં ખામી શોધી લેવામાં આવે છે. even before it is fully heard.

આ તમામ ઘટનાઓ એક જ વાતની તરફ ઈશારો કરે છે કે આપણા સંવાદનો ઉદ્દેશ્ય ''સત્ય સુધી પહોંચવું'' નહીં, બલ્કે પોતાના પક્ષ (અભિપ્રાય, મત)ને સાબિત કરવો બની ગયો છે.

અહીં ઈસ્લામી પરંપરામાં 'મશ્વરા' (પરામર્શ)ની અવધારણા પ્રાસંગિક છે. કુર્આનમાં એક નિર્દેશ છે. ''પોતાના મામલાઓ પરસ્પર સલાહ-મસલતથી ચલાવે છે.'' (સૂરઃ શૂરા, આયત-૩૮)

આ માત્ર એક ધાર્મિક આદેશ નહીં, બલ્કે એક પ્રશાસનિક સૂત્ર છે. કોઈ પણ નિર્ણય પહેલાં 'બહેસ' નહીં, સલાહ-મસ્લત (પરામર્શ) હોવી જોઈએ. એ પણ ઈમાનદારીથી અને બરાબરીના આધાર પર.

સાંભળવાની કળા અને વિનમ્રતા

આ અંગે જાણકારોનું કહેવું છે કે આપણી સંસ્કૃતિમાં વિનમ્રતાને હજી પણ કમજોરી સમજવામાં આવે છે. જયારે કે ધ્યાનપૂર્વક સાંભળવું એક માનસિક અને બૌદ્ધિક શક્તિ છે. ઈસ્લામી દર્શનમાં આ એક આધ્યાત્મિક અભ્યાસ છે, જ્યાં તમે પોતાના 'અહં' ને પાછળ રાખો છો કે જેથી તમે અન્યોને સ્થાન આપી શકો. જર્નાલિઝ્મ (પત્રકારત્વ)માં આને active listening કહેવામાં આવે છે, પરંતુ મોટાભાગની મિટિંગોમાં આ અનુપસ્થિત છે. લોકો વાત કાપે છે, ફોર્મ્યુલાઓમાં વિચારે છે, અને મોટાભાગે અસહમતિને અપમાન સમજી લે છે.

જયારે કોઈ સહકર્મી મિટિંગમાં કહે : ''મને લાગે છે કે મારી વાત સાંભળવામાં નથી આવી'', અને તમે ઉત્તર આપો : હું સમજું છું કે તમે તમારો અભિપ્રાય વ્યક્ત કરવા ઈચ્છતા હતા, પરંતુ સમય ઓછો હતો. આવો ! હવે સાંભળીએ છીએ.'' આ active listeningનું ઉદાહરણ છે.

આ સમગ્ર સંવાદ આ વાતનું ઉદાહરણ છે કે active listening એક માનસિક સ્થિતિ છે, જેમાં તમે માત્ર 'સાંભળતા નથી' બલ્કે સાંભળ્યા બાદ વિચારો છો, અને વિચારીને ઉત્તર આપો છો, એ પણ આ નીય્યત-ઈરાદાથી કે સામેવાળો માણસ સાંભળવા લાયક છે અને તેની વાતનો અર્થ છે. આથી, આ પ્રતિક્રિયા માત્ર એક વાક્ય નથી, બલ્કે એક વ્યવહારિક નૈતિકતા છે, જે સંવાદને વિવાદ બનવાથી બચાવી લે છે.

સંવાદની સંસ્કૃતિમાં સુધારો ફક્ત ટેક્નિકલ ટ્રેનિંગથી નહીં આવે. આના માટે જરૂરી છે કે અન્યોની વાતને એટલું જ મહત્ત્વ આપવું જોઈએ જેટલું આપણે પોતાની વાતને આપીએ છીએ. આ જ એ મૂળભૂત સિદ્ધાંત છે જે માનવ-રિશ્તાઓને પણ અને સંસ્થાગત્ નિર્ણયોને પણ ટકાઉ બનાવે છે.

મિટિંગનું વાસ્તવિક મૂલ્ય : આંકડાઓથી વધુ ઇરાદાઓમાં

મોટાભાગે જોવામાં આવે છે કે કાર્ય-સ્થળ પર મિટિંગ્સમાં ઘણો બધો સમય એવા મુદ્દાઓ પર પસાર થાય છે કે જેમના પર કોઈ નક્કર નિર્ણય નથી થતો. આનું એક કારણ આ છે કે આપણે મિટિંગને 'ટેક્નિકલ પ્રક્રિયા' માનીએ છીએ જયારે કે સંવાદ એક ઊંડાણવાળી માનવીય પ્રક્રિયા છે. મિટિંગ ફક્ત મુસદ્દો બનાવવા કે રિપોર્ટ નોંધવા કે તૈયાર કરવાનું માધ્યમ નથી, બલ્કે આ ઈમાનદારી, વિનમ્રતા અને સંયુક્ત જવાબદારીના મૂલ્યોની અભિવ્યક્તિ છે.

સંવાદની સંસ્કૃતિ : શું ફેરફાર શક્ય છે ?

હાલના વર્ષોમાં કેટલીય ભારતીય ટૅક કંપનીઓએ મિટિંગ ફોર્મેટમાં ફેરફાર કરવાનું શરૂ કરી દીધું છે. કેટલાય સ્થળોએ હવે મિટિંગની શરૂઆતથી પહેલાં ૫-૧૦ મિનિટનો એક intent round રાખવામાં આવે છે, જેમાં સામેલ થનાર આ સ્પષ્ટ કરે છે કે તેઓ આ બેઠકમાં શું સમજવા અથવા સ્પષ્ટ કરવા ચાહે છે. આ નાના સરખા અધ્યયનનો ઉદ્દેશ્ય સંવાદની સ્પષ્ટતા અને સહભાગિતા, બંનેમાં સુધારો લાવવો છે. આનાથી મિટિંગ ફક્ત સૂચના-માહિતી વહેંચવાનું માધ્યમ ન રહીને, એક સશક્ત સંવાદ પ્રક્રિયા બને છે.

આ પ્રયોગ દર્શાવે છે કે જ્યારે વ્યક્તિ ‘‘હું બધું નથી જાણતી’’ના વિચાર સાથે આવે છે, તો એ ફક્ત વ્યવસાયિક નહીં, બલ્કે એક માનવીય-સંવાદકર્તા બની જાય છે. અને કદાચ આ જ સંવાદની સંસ્કૃતિ અને આત્મિક ચેતના એક-બીજાથી મળે છે.

આત્મ-પરીક્ષણ (મુહાસિબ-એ-નફ્સ)નો અભ્યાસ

આ શીર્ષકને જો આપણે વ્યવસાયિક મિટિંગો અને સંસ્થાગત્ સંવાદના સંદર્ભમાં જોઈએ, તો આની પ્રાસંગિકતા વધુ વધી જાય છે. મોટાભાગે જોવામાં આવ્યું છે કે મિટિંગોમાં લોકો માત્ર ઔપચારિકતા નિભાવવા આવે છે, તૈયારી વિના, સ્પષ્ટ વિચાર અને આત્મિક જોડાણ વિના. તેઓ પોતાના ભાગની જવાબદારીને ટાળીને દોષ અન્યો પર નાખવામાં સંકોચ નથી અનુભવતા. આવા વાતાવરણમાં ‘‘આત્મ-ઉત્તરદેયિતા’’ની ધારણા એક આંતરિક અનુશાસનની માગ કરે છે.

‘‘મુહાસિબા-એ-નફ્સ’’ એટલે કે આત્મ-પરીક્ષણ માત્ર ધાર્મિક કે નૈતિક અભ્યાસ નથી, બલ્કે આ વ્યવસાયિક નૈતિકતાનું મૂળ છે. જ્યારે કોઈ અધિકારી, ટીમ-મેમ્બર અથવા લીડર દરેક મિટિંગ પહેલાં આ વિચારીને બેસે કે ‘‘શું મેં મારૂં કાર્ય ઈમાનદારીથી કર્યું છે ? શું મેં ટીમના હિતમાં વિચાર્યું છે, અથવા માત્ર પોતાની છબી બચાવવામાં જ લાગેલો રહ્યો ?’’ ત્યારે જ સંવાદ પ્રભાવી, ઈમાનદાર અને પરિવર્તનશીલ બની શકે છે.

આ પ્રક્રિયાથી ફક્ત નિર્ણયોની ગુણવત્તા સુધરે છે એટલું જ નહીં બલ્કે સંસ્થાનની ભીતર વિશ્વાસનું વાતાવરણ બને છે. કેમકે જ્યારે દરેક વ્યક્તિ સ્વયં પોતાની જાતથી પ્રશ્ન પૂછવા લાગે, અને એ પણ કોઈ પણ બાહ્ય દબાણ વિના, તો મિટિંગ માત્ર ઔપચારિકતા નહીં, બલ્કે એક રચનાત્મક અને નૈતિક મંચ બની જાય છે.

‘મુહાસિબ-એ-નફ્સ’ (આત્મ-પરીક્ષણ) એ આત્મિક અનુશાસન છે, જેના માધ્યમથી વ્યક્તિ પોતાના અંતઃકરણના દર્પણમાં પોતાની જાતને ફંફોસે કે ચકાસે છે. પોતાના કાર્ય-વ્યવહારનો નિષ્પક્ષ લેખા-જોખા (હિસાબ-કિતાબ) કરે છે, અને આત્માની શુદ્ધિ તરફ અગ્રસર થાય છે. આ દૃષ્ટિકોણથી જોઈએ તો ‘મુહાસિબ-એ-નફ્સ’’ ફક્ત આત્માનું આત્મ-નિરીક્ષણ નહીં બલ્કે મિટિંગોનો આત્મા પણ બની શકે છે.

શું આપણે ‘સાંભળવું’ શીખી શકીએ છીએ ?

સાંભળવું એ એક નેતૃત્વ-ગુણ છે, અને જે વ્યક્તિ ‘સાંભળવું’ શીખી જાય છે, એ જ સહયોગનું વાતાવરણ બનાવી શકે છે. સંવાદની સંસ્કૃતિ બને છે સાંભળવા, સ્વીકારવા અને સમાન વિચારવાની પ્રવૃત્તિથી. અને આ ત્યારે જ શક્ય છે જ્યારે લોકો માનસિક તૈયારી સાથે, ઈમાનદાર ઈરાદાઓ સાથે અને અન્યોની વાત સમજવાની જિજ્ઞાસા સાથે સંવાદમાં ભાગ લઈએ કે સામેલ થઈએ.

આ સંદર્ભમાં કુર્આનની આ આયત ફરીથી યાદ આવે છે :

‘‘અલ્લાહથી ડરો અને સીધી વાત કહો.’’ (સૂરઃ અહ્ઝાબ, આયત-૭૦)

આ વાક્ય એક વ્યક્તિગત્ મૂલ્ય જ નથી, બલ્કે સંસ્થાગત્ આચારસંહિતાનો ભાગ બની શકે છે. •••

ઉમર ફારૂક M: 99797 68850
ઉમર ફારૂક 98243 00540
ઈસ્માઈલ 9106132352

ગુલામભાઈ વાસણવાળા

વાસણો ભાડેથી આપનાર

(ગોડાઉન)ઃ બાવામાનપુરા, વીમા દવાખાના પાછળ, કોર્ટયાક પોલીસ ચોકીની સામે, વડોદરા -૧૭.

(ઘર)ઃ વાડી, નવાપુરા નાકે, શાસ્ત્રીબાગ રોડ, વડોદરા - ૧૭

મહિલા સુરક્ષા સંદેશાઓની ખોટી વ્યાખ્યા

વિચારણીય

સુફયાન અહમદ

હાલમાં જ દેશના એક મુખ્ય રાષ્ટ્રીય હિંદી દૈનિકે મહિલાઓની સુરક્ષાથી સંકળાયેલ એક સંવેદનશીલ અને ચર્ચા માગી લેતા પ્રશ્ન પર ધ્યાન દોરતાં એક અસરકારક તંત્રીલેખ પ્રકાશિત કર્યો. તેમાં તીખા શબ્દોમાં મહિલાઓની સુરક્ષાને લઈને સરકારી અને સંબંધિત સંસ્થાનોને કઠેડામાં ઊભા કરવામાં આવ્યા હતા.

ધ્યાન આપવા લાયક વાત આ છે કે આ ચર્ચાનું કેન્દ્ર ગુજરાતના અહમદાબાદમાં ચલાવવામાં આવેલ એક ‘‘સુરક્ષા જાગૃતિ અભિયાન’’ બન્યું, જેમાં પરિવહન પોલીસ દ્વારા સાર્વજનિક સ્થળોએ કેટલાક પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. એ પોસ્ટરોમાં મહિલાઓને આ સલાહ આપવામાં આવી હતી કે તેઓ ‘‘મોડી રાત્રી-પાર્ટીમાં ન જાય’’ અથવા ‘‘અંધારા અને સૂમસામ સ્થાનો પર પોતાના મિત્ર સાથે ન રહે’’ આ સંદેશને લઈ ભારે વિવાદ ઊભો થયો. તંત્રીલેખમાં આ ચિંતા વ્યક્ત કરવામાં આવી કે આ પ્રકારની ચેતવણીઓ મહિલાઓના અધિકારોને સીમિત કરનારી ન પણ હોય તો ઓછામાં ઓછું તેમને અપરાધ માટે પરોક્ષ રીતે જવાબદાર ઠેરવનારી અવશ્ય જણાય છે.

પોસ્ટર લગાવવા માટે જવાબદાર પરિવહન પોલીસ અને સંબંધિત સંગઠનને સંવેદનહીન, અણસમજુ કે પછી એક આપરાધિક માનસિકતાનો બચાવ કરનાર બતાવવામાં આવ્યું. લેખમાં મહિલાઓ વિરુદ્ધ થનારા જઘન્ય અપરાધો પ્રત્યે આ વિચારને અત્યંત જડ, સંકીર્ણ અને પ્રતિગામી ઠેરવવાની સાથોસાથ આ દષ્ટિકોણ અંગે અફસોસ પણ વ્યક્ત કરવામાં આવ્યો.

મહિલાઓની સુરક્ષાના પ્રશ્ને ચર્ચા જેટલી જરૂરી છે, એટલી જ જરૂરી છે એ પ્રયત્નોની નિષ્પક્ષ સમજ અને આલોચનાત્મક વિવેક સાથે વ્યાખ્યા; જે આ દિશામાં કરવામાં આવી રહ્યા છે. અહમદઆબાદમાં પરિવહન પોલીસ અને એક કહેવાતા બિન-સરકારી સંગઠન (NGO) દ્વારા લગાવવામાં આવેલ આ પોસ્ટરોને લઈને જે વિવાદ ઊભો થયો એ ક્યાંક ને ક્યાંક આપણા સામાજિક વિમર્શની એ વિડંબનાને ઉજાગર કરે છે જ્યાં સંવેદનશીલતા અને જવાબદારીના નામે ઉઠાવવામાં આવેલ કેટલીક સાવચેતી પણ સંકીર્ણતા અને અપરાધના સમર્થનની શ્રેણીમાં મૂકી દેવામાં આવે છે.

વાસ્તવમાં, જે પોસ્ટરોને લઈને પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા, તેમનો મૂળ ઉદ્દેશ્ય મહિલાઓને દોષી ઠેરવવી નહીં, બલ્કે તેમને સંભવિત ખતરાઓ પ્રત્યે સતર્ક કરવાનો હતો. જો કોઈ પોસ્ટરમાં

આ કહેવામાં આવ્યું કે "મોડી રાત્રી-પાર્ટીમાં ન જાય" અથવા "સૂમસામ સ્થળોએ પોતાના મિત્ર સાથે એકલા ન રહે" તો આનો સીધે-સીધો આશય ન તો આ છે કે જો કોઈ મહિલા આવું કરે છે તો એ અપરાધ માટે જવાબદાર છે, અને ન જ આ કે અપરાધીઓને આનાથી કોઈ વૈધતા મળી જાય છે. બલ્કે આ માત્ર એક સાવધાની છે, જેમકે આપણે કહી શકીએ છીએ કે "સડક ઓળંગતી વખતે બન્ને તરફ જોઈ લેવું જોઈએ" "યાત્રીઓ પોતાના સામાનની સુરક્ષા પોતે કરે" અથવા "અજાણ વ્યક્તિ સાથે વાત ન કરો" વિ.

સાવધાનીને સંકીર્ણતા કહી ન શકાય

આવા સંદેશાઓને સંકીર્ણ અને જડ માનસિકતાની ઊપજ કહી દેવું સ્વયં પોતાનામાં અતિશ્યોક્તિપૂર્ણ છે. આ સમજવું જરૂરી છે કે મહિલાઓની સુરક્ષા માત્ર કાનૂની સજાઓથી જ નહીં, બલ્કે સામાજિક ચેતના અને વ્યક્તિગત્ સતર્કતાથી પણ સુનિશ્ચિત થાય છે. જે રીતે ભારત સહિત સમગ્ર વિશ્વમાં સાયબર સુરક્ષાને લઈ યુવાઓને આ શીખવાડવામાં આવે છે કે "પોતાના પાસવર્ડ કોઈને જણાવો નહીં" અથવા "ફિશિંગ લિંકથી બચો" શું એ જ રીતે મહિલા સુરક્ષા માટે કેટલાક વ્યવહારિક સૂચનો આપવા એક આપરાધિક વિચાર છે ?

સંદેશાઓનો ઉદ્દેશ્ય ભય નહીં સતર્કતા છે

મહિલાઓને મોડી રાત્રે એકલા બહાર જવાથી મનાઈ કરવાનો અર્થ તેમને તેમના અધિકારોથી વંચિત કરવાનો નથી. આ એક યથાર્થપરક સલાહ છે, જેમાં ન તો કોઈ કાનૂની પાબંદી (પ્રતિબંધ) છે અને ન જ કોઈ સામાજિક આલોચના. ભારત જેવા દેશમાં, જ્યાં કેટલાય ક્ષેત્રોમાં હજી પણ સમુચિત સટ્રીટ લાઈટિંગ, સાર્વજનિક સુરક્ષા પેટ્રોલિંગ અને ભરોસાપાત્ર પરિવહનની વ્યવસ્થા નથી, ત્યાં મહિલાઓને અસુરક્ષિત ક્ષેત્રો પ્રત્યે વાકેફ કરવી એક જવાબદારીભર્યું કાર્ય છે.

શું આ અપરાધીઓનો બચાવ છે ?

લેખમાં આ આરોપ પણ લગાવવામાં આવ્યો છે કે આ પ્રકારની ચેતવણીઓ "આપરાધિક માનસિકતાનો બચાવ" છે ? આ એક ગંભીર આરોપ છે, જેને તથ્યોની કસોટી પર પારખવા જરૂરી છે. શું મહિલાઓને સતર્ક રહેવાની સલાહ આપવી વાસ્તવમાં અપરાધીઓને સંરક્ષણ આપવું છે ? ના. જો કોઈ ડૉક્ટર કહે કે મચ્છરોથી બચવા માટે શરીરને ઢાંકીને રાખે", તો આનો આ અર્થ નથી કાઢી શકાતો કે એ સરકારને મચ્છર નિયંત્રણ માટે ઉત્તરદાયી નથી ઠેરવી રહ્યો. આવી જ રીતે, કોઈ સંગઠનનું મહિલાઓને વ્યવહારિક સુરક્ષા વિષે ચેતવવી એ સંસ્થાની જવાબદારી અને સંવેદનશીલતાને જ દર્શાવે છે, નહીં કે અપરાધીઓ પ્રત્યે સહાનુભૂતિને.

પ્રત્યેક સુરક્ષા પ્રયાસનો સ્વાગત થવો જોઈએ, નિંદા નહી

સમસ્યા ત્યારે ઊભી થાય છે કે જ્યારે દરેક ચેતવણીને દોષ આપવા (Victim Blaming)ના ચશ્માથી જોવામાં આવે. સામાજિક વિજ્ઞાનનો આ સિદ્ધાંત છે કે કોઈ પણ સામાજિક સમસ્યાના સમાધાન માટે બહુપક્ષીય દૃષ્ટિકોણ આવશ્યક હોય છે. અપરાધની રોકથામ માત્ર દંડાત્મક વ્યવસ્થાથી નહીં, બલ્કે સામાજિક જાગૃતિ, વ્યક્તિગત સાવધાની અને સામૂહિક સહયોગથી થાય છે.

પોસ્ટરોમાં જે વાતો લખવામાં આવી, એ નૈતિક ઉપદેશ ન હતી, બલ્કે વ્યવહારિક ચેતવણીઓ હતી. આ કહેવું કે મહિલાઓને મોડી રાતે અંધારા વિસ્તારોમાં જવું ન જોઈએ, એવું જ છે જેમકે કોઈ પર્વતારોહકને આ કહેવું કે હિમવર્ષા દરમ્યાન પર્વતારોહણને ટાળે. શું આ પર્વતારોહકની ક્ષમતાઓનું અપમાન છે ? ના ! આ એક જવાબદારી ભરી સલાહ છે.

જો આ પોસ્ટર પરિવહન પોલીસ અથવા બિન-સરકારી સંગઠન (NGO) દ્વારા લગાવવામાં આવ્યા હતા, તો આ જરૂરી હતું કે તેમના ઇરાદાઓ અને ઉદ્દેશ્યોને ચકાસવા-પારખવામાં આવે, નહીં કે માત્ર ઉપર છલ્લી ભાષાના આધારે તેમને આરોપોના કઠેડામાં ઊભા કરી દેવામાં આવે.

આજે આવશ્યકતા આ વાતની છે કે મહિલા સુરક્ષા અંગે વિચાર-વિમર્શ કરતી વખતે આપણે અધિકારો અને જવાબદારીઓ વચ્ચે સુનિશ્ચિત કરવાનું છે કે કોઈ પણ રૂપમાં પીડિતાને અપરાધ માટે જવાબદાર ઠેરવવામાં ન આવે, તો બીજી તરફ આ પણ જરૂરી છે કે તેમને વ્યવહારિક જીવનના પડકારો અને સંભવિત ખતરાઓથી પણ સાવધાન કરવા કે ચેતવવામાં આવે.

જો કોઈ સંસ્થા આ કાર્ય કરી રહી છે, તો તેને સંકીર્ણતાનો પ્રતીક કહેવો માત્ર અનુચિત છે, એટલું જ નહીં બલ્કે આ મહિલાઓની સુરક્ષા માટે કરવામાં આવી રહેલા વ્યાપક પ્રયાસોને પણ કમજોર કરવા સમાન છે.

વાસ્તવિકતા આ છે કે સુરક્ષા ફક્ત નારાઓ અને વાયદાઓથી નહીં આવતી, બલ્કે સમજદારી, જાગૃકતા અને સહયોગથી આવે છે. આ કાર્ય જો કોઈ સંગઠન કરી રહ્યું છે, તો એવા પ્રયાસોને સામાજિક સહયોગના રૂપમાં માન્યતા મળવી જોઈએ. શંકાની નજરે જોવું ન જોઈએ. •••

AI યુગમાં કેરિયરની નવી દિશા

સ્કિલ-બેસ્ડ એજ્યુકેશન

આજે જ્યારે વિશ્વ કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), મશીન લર્નિંગ, ડિજિટલ માર્કેટિંગ અને ઓટોમેશન ભણી ઝડપથી વધી રહ્યું છે, તો પારંપરિક ડિગ્રીઓના સ્થાને કૌશલ્ય આધારિત શિક્ષણ (Skill Based Education)એ લઈ લીધું છે. ભારત જેવા યુવા-પ્રધાન દેશમાં, જ્યાં ૬૦%થી વધુ જનસંખ્યા ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. સ્કિલ્સ અને વોકેશનલ ટ્રેનિંગ યુવાઓ માટે રોજગાર અને આત્મ-નિર્ભરતાની ચાવી બની ચૂકી છે.

સ્કિલ બેસ્ડ કેરિયરની જરૂરત કેમ

AI યુગમાં ફક્ત ડિગ્રી હોવી પર્યાપ્ત નથી. આજે કંપનીઓ એ યુવાનોને પ્રાથમિકતા આપે છે કે જેઓ માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન ધરાવે છે એટલું જ નહીં, બલ્કે વ્યવહારિક દક્ષતા (Practical Skills)માં પણ નિપુણ હોય. ડિજિટલ

કેરિયર

✍ સંપાદક મંડળ

પરિવર્તનના આ યુગમાં "નોકરી આપનારૂં નહીં, બલ્કે નોકરી પેદા કરનાર (સર્જનાર) શિક્ષણ"નો વિચાર હવે ફક્ત નારો નહીં, બલ્કે આવશ્યકતા બની ચૂકી છે.

સરકારી અને ખાનગી સંસ્થાઓ મળીને હવે વિભિન્ન ઑનલાઈન પ્લેટફોર્મ્સ જેમકે SWAYAM, Coursera, Udemy, NSDC, Google Digital Garage વિ.ના માધ્યમથી ઓછા ખર્ચ કે નિઃશુલ્ક કોર્સ ઉપલબ્ધ કરાવી રહ્યા છે.

આમાં યુવાનોએ ડિજિટલ માર્કેટિંગ સાઈબર સિક્યોરિટી, કોડિંગ, ડિઝાઈનિંગ, એડિટિંગ અને લેખન જેવા કૌશલ્યોનું પ્રશિક્ષણ (ટ્રેનિંગ) આપવામાં આવે છે.

૧. સાઈબર સિક્યોરિટી : ડિજિટલ યુગનો પહેરેદાર

જેમ જેમ ડિજિટલ સેવાઓ જીવનનો ભાગ બની રહી છે, તેમ તેમ સાઈબર હુમલાઓનો ખતરો પણ વધી રહ્યો છે. સ્વાસ્થ્ય સેવાઓથી લઈને બેંકિંગ સુદ્ધાં દરેક ક્ષેત્ર હવે સાઈબર સુરક્ષા નિષ્ણાતોની માગ કરી રહ્યા છે.

શું શીખશો ?

- નેટવર્ક સિક્યોરિટી
- એથિકલ હેકિંગ
- ડેટા પ્રોટેકશન લૉ
- ફિશિંગ અને માલવેયરથી સુરક્ષા
- એન્ડ પોઈન્ટ સિક્યોરિટી

પ્રમુખ કોર્સિસ :

- Coursera : Introduction to cyber security
- Udemy : Complete cyber security course
- SWAYAM (NPTEL) : સાઈબર લૉ એન્ડ સિક્યોરિટી

કેરિયર વિકલ્પ :

- સાઈબર સિક્યોરિટી એનાલિસ્ટ
- એથિકલ હેકર
- ડેટા પ્રોટેકશન કન્સલ્ટન્ટ
- ડિજિટલ ફોરેંસિક એક્સપર્ટ

૨. ડિજિટલ માર્કેટિંગ : ઓનલાઇન દુનિયાનો જાદૂ

આજે દરેક બિઝનેસની ઉપસ્થિતિ ઈન્ટરનેટ પર છે – સ્ટાર્ટઅપ હોય કે મલ્ટીનેશનલ કંપની. આવામાં ડિજિટલ માર્કેટિંગ વિશેષજ્ઞોની મોટી માગ છે જે બ્રાન્ડને ડિજિટલ રૂપે વધારી શકે.

શું શીખવું ?

- SEO (Search Engine Optimization
- SMM (Social Media Marketing)
- ઈમેલ માર્કેટિંગ
- Google Ads અને Analytics
- કંટેન્ટ માર્કેટિંગ

મુખ્ય પ્લેટફોર્મ્સ :

- Google Digital Gaurage (વિના મૂલ્યે)
- Meta Blueprint (ફેસબુક/ઈન્સ્ટાગ્રામ)
- Skill India Portal
- Udemy, Coursera

સંભવિત કેરિયર :

- ડિજિટલ માર્કેટિંગ મેનેજર
- સોશ્યલ મીડિયા સ્ટ્રેટજિસ્ટ
- કન્ટેન્ટ ક્રિએટર
- SEO એક્સપર્ટ

૩. UI/UX ડિઝાઇનિંગ : ડિજિટલ અનુભવનું સૌંદર્યશાસ્ત્ર

વેબસાઈટ અને મોબાઈલ એપનો ઉપયોગકર્તા અનુભવ (User Experience) અને ઈન્ટરફેસ (User Interface) હવે વ્યવસાયની સફળતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

શું શીખવું ?

- ડિઝાઈન ટૂલ : Adobe XD, Figma, Sketch
- વાયરફ્રેમિંગ અને પ્રોટોટાઇપ બનાવવું
- યૂઝર રિસર્ચ
- ફ્રન્ટએન્ડ ડિઝાઇનિંગની મૂળ વાતો

મુખ્ય કોર્સિઝ :

- Coursera : Google UX Design Certificate
- Udemy : UI/UX Bootcamp
- SWAYAM (NPTEL) : UX Fundamentals

નોકરીઓના વિકલ્પ :

- UI Designer
- UX Researcher
- Product Designer
- App Interface Designer

(કોર્સની મુદ્દત ૩ થી ૬ મહિના, ખર્ચ : રૂા. ૫૦૦ થી રૂા. ૫૦૦૦/-)

૪. કોડિંગ : ભવિષ્યની ભાષા

AI અને ઓટોમેશનના આ યુગમાં કોડિંગ એક મૂળભૂત કૌશલ્ય બની ચૂક્યું છે. આ માત્ર ટેક્નિકલ વ્યવસાય માટે જ નહીં, બલ્કે દરેક ક્ષેત્ર માટે લાભદાયક છે.

પ્રમુખ ભાષાઓ :

- Python : AI, ડેટા સાયન્સ, મશીન લર્નિંગ
- Java Script : વૅબ ડેવલપમેન્ટ
- C++ : સિસ્ટમ પ્રોગ્રામિંગ
- Java : ઍપ ડેવલપમેન્ટ
- SQL ડાટાબેસ મેનેજમેન્ટ

શીખવાના પ્લેટફોર્મ્સ :

- Codecadamy, Hacker Rank, Tree Code Camp
- Coursera, Udemy, SWAYAM

- Google for Developers, Microsoft Learn

સંભવિત કેરિયર :

- સોફ્ટવેયર ડેવલપર
- ફૂલ સ્ટૈક એન્જીનિયર
- ડેવલપર
- ડેટા સાયન્ટિસ્ટ

૫. ગ્રાફિક ડિઝાઇનિંગ અને વીડિયો એડિટિંગ : રચનાત્મકતાનો કેન્વાસ

પ્લેટફોર્મ, યુટ્યૂબ, ઇન્સ્ટાગ્રામ અને વિજ્ઞાપન ઉદ્યોગમાં ક્રિએટિવ ડિઝાઈનર્સની મોટી માગ છે. જો તમારી રુચિ કલા, એસ્થેટિક્સ, અને મીડિયામાં છે, તો આ ક્ષેત્ર સોનેરી અવસર હોઈ શકે છે.

શું શીખવું

- Photoshop, Illustrator, Premiere Pro
- Canva, Figma, After Effects
- મોશન ગ્રાફિક્સ અને એનિમેશન
- વીડિયો ટ્રાંજિશન અને સાઉન્ડ એડિટિંગ

પ્રમુખ કોર્સિઝ :

- Udemy : Ultimate Adobe Mastery
- Coursera : Graphics Design Specialization
- Skill India SWAYAM : બેસિકથી એડવાન્સ

સંભવિત કેરિયર :

- વીડિયો એડિટર
- ગ્રાફિક ડિઝાઈનર
- ફ્રિલાન્સ ક્રિએટર
- વિજ્ઞાપન એજન્સીમાં ક્રિએટિવ હેડ

૬. Content Writing અને Blogging : શબ્દોની તાકત

AIના યુગમાં મૂળ અને ગુણવત્તાપૂર્ણ સામગ્રી (Original Content)નું મહત્ત્વ ઓર વધી ગઈ છે. વેબસાઇટ, એપ, સોશ્યલ મીડિયા – દરેક જગ્યાએ કન્ટેન્ટની જરૂરત છે.

શું શીખવું ?

- SEO ફ્રેન્ડલી લેખન
- બ્લોગિંગ અને વેબ કન્ટેન્ટ
- ટેક્નિકલ અને ક્રિએટિવ રાઈટિંગ
- પ્રૂફરીડિંગ અને એડિટિંગ

કમાણીના અવસર :

- Fiverr, Upwork, Freelancer જેવા પ્લેટફોર્મ્સ પર ફ્રિલાન્સિંગ
- ડિજિટલ એજન્સીઓમાં કન્ટેન્ટ રાઈટર
- પોતાનો બ્લોગ કે યૂટ્યૂબ ચેનલ

કૌશલ જ નવી કરન્સી છે

''Skills are the new currency of the 21st century'' – આ વાક્ય હવે ફક્ત પ્રેરક કથન માત્ર નથી, બલ્કે આજનું આર્થિક અને સામાજિક સત્ય બની ગયું છે. ભારતના યુવાનો જો સમયસર પોતાનામાં કૌશલ્ય વિકસિત કરી લે, તો એ ફક્ત આત્મ-નિર્ભર બની શકે છે એટલું જ નહીં, બલ્કે ઉદ્યમિતાના માર્ગે પણ અગ્રસર બની શકે છે. ડિગ્રી તમને નોકરીની શરૂઆત અપાવી શકે છે, પરંતુ સ્કિલ્સ તમને ભવિષ્યના માલિક બનાવી શકે છે. હવે સમય છે શીખવા, નિખરવા અને ઉડાન ભરવાનો. આ તમામ કોર્સ, ટૂલ અને પ્લેટફોર્મ તમારી સામે છે – હવે બસ તે માટે પ્રથમ પગલું ભરવાનું છે. •••

માનસિક સ્વાસ્થ્યનું નવું પરિદેશ્ય

આરોગ્ય

✍ મિરાત અહમદ

સ્વસ્થ રહેવું મનુષ્યની મૂળ અને સ્વાભાવિક અવસ્થા હોવી જોઈએ. પરંતુ આજના યુગમાં આ વાત જાણે કે કોઈ આદર્શ સમાન લાગે છે. આપણું રોજિંદું જીવન સામાજિક રિશ્તા-સંબંધો, વ્યવસાયિક જીવન અને ટેક્નિકલ દબાણોએ સ્વાસ્થ્યને જટિલ બનાવી દીધું છે. ખાસ કરીને માનસિક સ્વાસ્થ્યને જેની ચર્ચા સામાન્ય રીતે વધુ નથી થતી.

ભારત સહિત સમગ્ર વિશ્વમાં શારીરિક રોગો માટે ઈલાજ અને તપાસની સુવિધાઓ મોટી હદ સુધી સુલભ છે, પરંતુ માનસિક રોગ હજી પણ ઉપેક્ષાનો શિકાર છે. આનું એક મોટું કારણ આ પણ છે કે સમાજમાં માનસિક રોગોને લઈને જાગૃતિ ખૂબ જ ઓછી છે અને આના વિષે બોલવાને પણ લોકો ‘કલંક’ માને છે.

વિશેષજ્ઞ સતત ચેતવણી આપી રહ્યા છે કે માનસિક સ્વાસ્થ્યને અવગણવાની કીંમત આપણને શારીરિક રોગો કરતાં ઘણી વધારે ચૂકવવી પડી શકે છે. વાસ્તવમાં, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય એક-બીજાથી જોડાયેલ છે. જો મન અસ્વસ્થ છે, તો શરીર પણ મોડા-વ્હેલાં આની પ્રતિક્રિયા અવશ્ય દાખવે છે.

માનસિક સ્વાસ્થ્યની બુન્યાદી તસ્વીર

ચિકિત્સા-શિક્ષણમાં માનસિક રોગોને ‘સાઈકિયાટ્રી’ હેઠળ ભણાવવામાં આવે છે. આનાથી જોડાયેલ કેટલાય મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર, જેમકે ક્લિનિકલ સાઈકોલોજી અને કાઉન્સિલિંગ, મનોવિજ્ઞાન હેઠળ આવે છે. ભારતમાં ક્લિનિકલ સાઈકોલોજીનું ઉચ્ચ સ્તરીય પ્રશિક્ષણ કેટલાક સિલેક્ટેડ સંસ્થાનોમાં જ ઉપલબ્ધ છે. આના માટે એમ.એ. પછી એમ. ફીલની વ્યવસાયિક ડિગ્રીને માન્યતા આપવામાં આવી હતી, જેની હેઠળ વિદ્યાર્થીઓને ગહન વ્યવહારિક અને સૈદ્ધાંતિક પ્રશિક્ષણ આપવામાં આવે છે.

એમ. ફીલ. ની આ ડિગ્રી માનસિક રોગોની ઓળખ, થેરેપી અને ઉપચારમાં પ્રશિક્ષિત પ્રોફેશનલ તૈયાર કરવાનું એક સશક્ત માધ્યમ રહી છે. પરંતુ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)માં એમ. ફીલ.ને સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આનાથી ક્લિનિકલ સાઈકોલોજી સહિત કેટલાય વિષયમાં એમ. ફીલ. સમાપ્ત થઈ જશે.

નિષ્ણાતો માને છે કે અન્ય વિષયોની તુલનામાં માનસિક સ્વાસ્થ્યનું પરિદેશ્ય બિલકુલ અલગ છે. અહીં પ્રશિક્ષિત (Trend) અને અનુભવી માનવ સંસાધન પહેલાં જ બહુ ઓછા છે, એવામાં એમ. ફીલ. બંધ કરવાથી સ્થિતિ વધુ ગંભીર થઈ શકે છે.

માનસિક રોગીઓની વધતી સંખ્યા અને પ્રશિક્ષણની સીમિત વ્યવસ્થાઓની વચ્ચે આ નિર્ણય એક

મોટો આંચકો બની શકે છે. જો એમ.ફીલ જેવી વ્યવસાયિક ડિગ્રીઓને કોઈ વિકલ્પ આપ્યા વિના હટાવવામાં આવી, તો માનસિક રોગોના વ્યાપક પડકારનો સામનો કરવો મુશ્કેલ હશે.

ચિંતાજનક આંકડા

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)નો અહેવાલ જણાવે છે કે એંગ્ઝાયટી અને ડિપ્રેશન, બાઈપોલર ડિસઓર્ડર, સ્કિઝોફેનિયા જેવા મનોરોગોથી વિશ્વની એક મોટી આબાદી ગ્રસ્ત છે, અને આ સંખ્યા સતત વધતી જઈ રહી છે.

ભારતમાં ઈ.સ. ૨૦૧૭માં થયેલ એક સર્વેક્ષણમાં દરેક ૭ માંથી ૧ વ્યક્તિ માનસિક રોગથી ગ્રસ્ત જોવા મળી. ઈ.સ. ૧૯૯૯ પછીથી આત્મહત્યાના બનાવોમાં ૩૦ ટકા સુધીની વૃદ્ધિ નોંધવામાં આવી. અનિદ્રા (ઈસોમ્નિયા) પણ ઝડપથી ફેલાતી જઈ રહી છે. અને એક તૃતીયાંશ (૧/૩) પ્રૌઢ આની લપેટમાં છે.

ફક્ત ઉત્તરીય અમેરિકામાં ઈ.સ. ૨૦૨૨માં ડિપ્રેશનના ઈલાજમાં ૩૨૬ અબજ ડોલર ખર્ચ થયા. ઈ.સ. ૨૦૧૦માં આ આંકડો ૨૧૦.૫ અબજ ડૉલર હતો. વિશ્વ સ્વાસ્થ્ય વિશેષજ્ઞોનું અનુમાન છે કે આ દશકના અંત સુધી માનસિક રોગો ઉપર વૈશ્વિક સ્તરે ૧૬ લાખ કરોડ ડોલરથી વધુનો ખર્ચ થઈ શકે છે.

આ કોઈ મહામારી જેવી સ્થિતિનો આભાસ રજૂ કરે છે. અલ્ઝાઈમર અને ડિમેંશિયા જેવા રોગ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યા છે, જેમના ઈલાજની સુવિધાઓ પણ કેટલાય દેશોમાં અપૂર્તિ છે.

બદલાતી જીવનશૈલી અને માનસિક સંકટ

આજનો માણસ જોવામાં તો ખૂબ જ વ્યસ્ત અને સફળ લાગે છે પરંતુ ભીતરથી સતત તૂટી કે ભાંગી રહ્યો છે. આની પાછળ એક મોટું કારણ છે. આપણી બદલાયેલી જીવન-શૈલી, જેમાં ટેક્નિકલ સંસાધનો અને બજારે સુખનો એક નવો માપદંડ બનાવી દીધો છે.

આજે સ્માર્ટફોન, ઈન્ટરનેટ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને સોશ્યલ મીડિયા જેવી વસ્તુઓએ માનવ-જોડાણની જગ્યાએ તુલના અને દબાણને વધારી દીધા છે. કોની પાસે કયો ફોન છે, કોની પાસે કેટલા ફોલોઅર્સ છે, આ વાત આજે "હેસિયત"નો માપદંડ બની ચૂકયો છે.

જે લોકો આ હરીફાઈમાં પાછળ રહી જાય છે, તેમને હીનતા-બોધ, એકલવાયાપણું અને નિરાશા ઘેરવા લાગે છે. આ ઉપરાંત બેરોજગારી, ગરીબી, પારીવારિક મૂંઝવણ અને સામાજિક અન્યાય પણ માનસિક રોગોના મોટા કારણો છે.

બજાર અને વિજ્ઞાપન ઉપભોગને જ સુખનો પર્યાય બનાવી રહ્યા છે. વ્યક્તિ જેટલો ઉપભોગ કરે છે એટલું જ ખાલીપણું અને બેચેની મહેસૂસ કરી રહી છે. આ વિષાકત ચક્ર (Vicious Cycle) બની ચૂકયા છે, જેમાં સપડાઈને લોકો નશા, શરાબ, ધૂમ્રપાન અને ડ્રગ્સનો સહારો લે છે.

માનસિક રોગોની અવગણના

આધુનિક ચિકિત્સા વિજ્ઞાનીઓ માને છે કે શરીર અને મન એક-બીજાથી અલગ નથી. જયારે મન દુઃખી થાય છે, તો શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. અને જયારે શરીર રોગી થાય છે, તો મન પણ માંદો પડવા લાગે છે. ડિપ્રેશન, એંગ્ઝાયટી, સ્કિઝોફેનિયા જેવા રોગોમાં કેટલીય વખત રોગીઓને શારીરિક લક્ષણ પણ હોય છે જેમકે હૃદયના ધબકારા વધી જવા, ભૂખ ન લાગવી, માથાનો દુઃખાવો, અનિદ્રા વિ..

આથી માનસિક રોગને માત્ર 'કાલ્પનિક' માનવો એક મોટી ભૂલ છે. માનસિક રોગ પણ એટલા જ વાસ્તવિક છે, જેટલા કોઈ હાડકાનું તૂટવું (ભાંગવું) અથવા તાવનું આવવું. ફક્ત ફરક એટલો છે કે આને સમજવા અને ઈલાજ કરવા માટે વધુ સંવેદનશીલ અને પ્રશિક્ષિત દૃષ્ટિકોણ જોઈએ.

સમાધાનની દિશામાં શું કરવું જોઈએ

(૧) એમફીલ જેવી વ્યવસાયિક ડિગ્રીઓને સંરક્ષિત રાખવામાં આવે.

માનસિક સ્વાસ્થ્ય સેવાઓ માટે પ્રશિક્ષિત વ્યવસાયિકો તૈયાર કરવા એ પ્રાથમિકતા હોવી જોઈએ. એમ.ફીલ.ને હટાવવું ત્યારે જ ઉચિત હશે કે જયારે આના જેવી કે આનાથી વધુ સારી વ્યવસ્થા સામે લાવવામાં આવે.

(૨) માનસિક સ્વાસ્થ્ય માટે લોક-જાગરણ

ગામ, કસ્બાઓ, શાળાઓ અને મીડિયાના માધ્યમથી માનસિક રોગોને લઈને જાગૃકતા વધારવામાં આવે. માનસિક રોગમાં શરમ કે કલંકનો ભાવ સમાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવે.

(૩) પ્રાથમિક સ્વાસ્થ્ય માળખામાં માનસિક રોગ સામેલ હોય

જેવી રીતે ગામના PHCમાં મેલેરિયા અને ડેંગ્યુની દવાઓ હોય છે, એવી જ રીતે સામાન્ય માનસિક રોગોની કાઉન્સિલિંગ અને દવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવે.

(૪) શિક્ષણ પ્રણાલીમાં માનસિક સ્વાસ્થ્યને પણ સ્થાન મળે

શાળા અને કોલેજના પાઠયક્રમમાં માનસિક સ્વાસ્થ્ય, તનાવ પ્રબંધન,

યોગ, ધ્યાન અને નૈતિક શિક્ષણને પણ સામેલ કરવામાં આવે, કે જેથી બાળપણથી લોકો માનસિક દઢતા શીખે.

(૫) સંતુલિત જીવનશૈલીને પ્રોત્સાહન મળે

સમુચિત આહાર, પર્યાપ્ત ઊંઘ, નિયમિત કસરત અને ટેક્નિકનો સીમિત ઉપયોગ, આચાર સ્તંભ માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ કરે છે.

શું કહે છે ઇસ્લામી જીવન-દર્શન ?

ઈસ્લામી શિક્ષણ માનસિક અને આત્મિક સ્વાસ્થ્યને ઊંડાણપૂર્વક સંબોધિત કરે છે. કુર્આન અને હદીસમાં વારંવાર ઉલ્લેખ આવે છે કે મનુષ્યનું દિલ (હૃદય) અને મન (નફ્સ) સ્વસ્થ તથા સંયમિત હોવા જોઈએ.

સંતુલન (મીઝાન, ત્રાજવું) ઈસ્લામી જીવનદર્શનની એક કેન્દ્રીય અવધારણા છે. કુર્આનમાં આવે છે. "અને અમે દરેક વસ્તુમાં સંતુલન રાખ્યું છે, કે જેથી તમે સંતુલનને તોડો નહીં." (સૂરઃ રહમાન, આયત-૭, ૮) આ સંતુલન ફક્ત કુદરત (પ્રકૃતિ)માં જ નહીં, બલ્કે મનુષ્યના જીવનમાં પણ આવશ્યક છે. ખાન-પાન, ઊંઘ, રિશ્તા, કાર્ય અને ઈબાદતનું સૌનુ સંતુલિત હોવું માનસિક સ્વાસ્થ્યની બુન્યાદ (પાયો) છે.

તનાવનો સામનો કરવાનો આધ્યાત્મિક ઉપાય પણ આ દર્શનમાં મળે છે. કુર્આન કહે છે : સાંભળી લો! અલ્લાહના 'ઝિક્ર'માં જ દિલોને સુકૂન (રાહત) મળે છે." (સૂરઃ રઅ્દ, આયત-૨૮). આ ફક્ત ઈબાદત દ્વારા આત્માને સુકૂન (રાહત) આપવાની વાત છે, એટલું જ નહીં બલ્કે આ યાદ દેવડાવે છે કે માનસિક અશાંતિને માત્ર ભૌતિક ઉપાયોથી જ નહીં, આધ્યાત્મિક જોડાણથી પણ દૂર કરી શકાય છે.

હઝરત મુહમ્મદ સ.અ.વ.ની સીરતમાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે સંવેદનશીલતા દેખા દે છે. તેમણે સમુદાયને એવું વાતાવરણ સર્જવાનો નિર્દેશ આપ્યો જ્યાં કોઈ એકલવાયુંપણું મહેસૂસ ન કરે.

ઉમ્મતની જવાબદારી પણ સ્પષ્ટ છે : "તમારામાંથી દરેક જવાબદાર છે અને દરેકથી તેની જવાબદારી વિષે પૂછવામાં આવશે." (હદીસ)

આનો અર્થ આ પણ છે કે જો કોઈ માનસિક સંકટમાં છે, તો સમાજ અને પરિવારની જવાબદારી હોય છે કે તે એના માટે સહારો બને, તેને ઉપેક્ષિત ન છોડે.

ઈસ્લામી જીવનદર્શન જણાવે છે કે માનવ-મન (નફ્સ) એક સંઘર્ષનું મેદાન છે. આનો અનુશાસિત કરવા, સમજવા અને સંતુલનમાં રાખવાની પ્રક્રિયા જ માનસિક સ્વાસ્થ્યની વાસ્તવિક પ્રક્રિયા છે. આથી જરૂરત આ વાતની છે કે આપણે 'નફ્સ' ના રોગને પણ એટલો જ ગંભીર માનીએ, જેટલો શારીરિક રોગને.

ક્યાં છે પડકારો

- સુવિધાઓની કમી
- ઓછા પ્રશિક્ષિત વ્યવસાયિકો
- માનસિક રોગોને કલંક માનવા
- સરકારી બજેટમાં માનસિક સ્વાસ્થ્યની ન્યૂન ભાગીદારી

આ તમામ પડકારો આપણી સમક્ષ છે, જેમનું સમાધાન પ્રાથમિકતાના આધારે શોધવું પડશે.

આગળનો માર્ગ

માનસિક રોગોનો ઈલાજ માત્ર દવા કે થૅરાપી નહીં, બલ્કે સમગ્ર સમાજના દૃષ્ટિકોણમાં પરિવર્તનથી શક્ય છે. જો દરેક નાગરિક આ સમજી લે કે માનસિક સ્વાસ્થ્ય એ શારીરિક સ્વાસ્થ્ય જેટલો જ જરૂરી છે, તો અડધી સમસ્યા આપમેળે ઉકેલાઈ જશે.

આથી સરકાર અને સમાજ બંનેએ મળીને કામ કરવું પડે. એમ. ફીલ. જેવી ડિગ્રીઓનું ભવિષ્ય સમજી-વિચારીને નક્કી કરવામાં આવે. આના વિના પ્રશિક્ષિત ક્લિનિકલ સાઇકોલોજિસ્ટોની ફોજ તૈયાર નહીં થઈ શકે, અને માનસિક રોગીઓની દેખભાળમાં મોટી કમી આવી જશે. ભારત જેવા વિશાળ દેશમાં જ્યાં પહેલાંથી જ મનોચિકિત્સકો અને કાઉન્સિલરોની અછત છે, આથી આ ફેસલો ઉતાવળમાં લેવો ન જોઈએ.

આરોગ્યનો અર્થ માત્ર શારીરિક ફિટનેસ જ નહીં, બલ્કે માનસિક સંતુલન અને આંતરિક શાંતિ પણ છે. આજે જ્યારે વ્યક્તિ જાત-જાતના ઉપભોગમાં સફળતા શોધવામાં લાગી છે, તો તેની ભીતર એકલવાયાપણું, તનાવ, ચિંતા, કુંઠા અને વ્યસન વધતા જઈ રહ્યા છે.

વાસ્તવમાં સ્વસ્થ રહેવા માટે જરૂરી છે કે આપણે સ્વયં પોતાનાથી સંવાદ કરીએ, પોતાના પરિવાર અને મિત્રોથી જોડાઈએ, સંતુલિત જીવનશૈલી અપનાવીએ અને જરૂરત પડયે મદદ લેવામાં ખચકાટ ન અનુભવીએ. માનસિક સ્વાસ્થ્ય પર દેશ-વ્યાપી જાગૃતિ વધારવાની સાથો સાથ તેના માટે સંસ્થાગત્ અને શૈક્ષણિક માળખાને પણ મજબૂત બનાવવામાં આવે ત્યારે જ આપણે ખરેખર રીતે સ્વસ્થ ભારતનું સપનું પૂરૂં કરી શકીશું. •••

(લેખિકા ચિકિત્સા શિક્ષણથી સંલગ્ન છે.)

માનવ સભ્યતાના ઇતિહાસમાં નૈતિકતાનો પ્રશ્ન હંમેશાંથી કેન્દ્રીય રહ્યો છે. શું ભલાઈ અને બૂરાઈ માત્ર સામાજિક રિવાજ છે ? શું તે સમય અને સંજોગો અનુસાર બદલાતી રહેનારી પરિભાષાઓ છે ? અથવા તો પછી ભલાઈ કે સારપ અને બૂરાઈના કેટલાક સાર્વભૌમિક સિદ્ધાંત છે, જેમને મનુષ્ય જન્મજાત જાણે છે ? ઈસ્લામનો ઉત્તર આ પ્રશ્ન પર અત્યંત સ્પષ્ટ અને ગૂઢ છે. આ મુજબ નૈતિકતા કોઈ શોધનો વિષય નથી, બલ્કે માનવ-સ્વભાવની અંતઃપ્રેરણા (Intuition)માં સમાહિત જ્ઞાન છે. કુર્આનની ભાષામાં ભલાઈને 'મા'રૂફ' (એ વસ્તુ જેને મનુષ્ય જાણે અને ઓળખે છે) અને બૂરાઈને 'મુન્કર' (એ વસ્તુ જેને તેની પ્રકૃતિ અસ્વીકાર કરે છે) કહેવામાં આવેલ છે.

નૈતિક જ્ઞાનની પ્રકૃતિ

ઈસ્લામી દૃષ્ટિકોણ અનુસાર સારપ (ભલાઈ) અને બૂરાઈના બોધનો સ્રોત સ્વયં ઈશ્વર છે જેણે આ જ્ઞાન મનુષ્યના આત્મામાં અંતઃપ્રેરણાના રૂપમાં સ્થાતિ કરી દેવામાં આવ્યું છે.

"અને મનુષ્યનો આત્મા અને તે હસ્તીના સોગંદ જેણે તેને ઠીકઠાક કરી, પછી તેની બૂરાઈ અને તેની પરહેજગારી (સંયમ) તેના હૃદયમાં નાખી દીધી." (સૂરઃ શમ્સ, આયત-૭, ૮)

આ રીતે, નૈતિકતાની અવધારણા સાર્વભૌમિક છે, પરંતુ આના વ્યવહારિક ક્રિયાન્વયનમાં વિભિન્ન સભ્યતાઓ, વિચારધારાઓ અને ધર્મોમાં ભારે અંતર જોવા મળે છે. આ અંતર આ વાત પર નિર્ભર કરે છે કે કોઈ વ્યવસ્થા, બ્રહ્માંડ, મનુષ્ય અને જીવનના લક્ષ્ય વિષે શું

નૈતિક પ્રેરણાનો સર્વોત્તમ સ્ત્રોત

<u>અંતિમ પૃષ્ઠ</u>

✍ સાયમા હુસૈન

દૃષ્ટિકોણ ધરાવે છે. જ્યારે જીવનનું લક્ષ્ય સૃષ્ટિની વ્યાખ્યા અને મનુષ્યની ભૂમિકા અલગ-અલગ ઠેરવવામાં આવે તો પરિણામ-સ્વરૂપ નૈતિકતાની બુન્યાદો પણ ભિન્ન થઈ જાય છે.

ઇસ્લામી નૈતિક વ્યવસ્થાની બુન્યાદ

ઈસ્લામની નૈતિક વ્યવસ્થાનો પાયો એ અવધારણ સાર્વભૌમિક છે, પરંતુ આના વ્યવહારિક ક્રિયાન્વયનમાં વિભિન્ન સભ્યતાઓ, વિચારધારાઓ અને ધર્મોમાં ભારે અંતર જોવા મળે છે. આ અંતર આ વાત પર નિર્ભર કરે છે કે કોઈ વ્યવસ્થા, બ્રહ્માંડ, મનુષ્ય અને જીવનના લક્ષ્ય વિષે શું દૃષ્ટિકોણ ધરાવે છે. જ્યારે જીવનનું લક્ષ્ય સૃષ્ટિની વ્યાખ્યા અને મનુષ્યની ભૂમિકા અલગ-અલગ ઠેરવવામાં આવે તો પરિણામ-સ્વરૂપ નૈતિકતાની બુન્યાદો પણ ભિન્ન થઈ જાય છે.

ઇસ્લામી નૈતિક વ્યવસ્થાની બુન્યાદ

ઈસ્લામની નૈતિક વ્યવસ્થાનો પાયો એ અવધારણા પર છે કે સૃષ્ટિનો એક માત્ર સ્વામી ઈશ્વર (અલ્લાહ) છે. એ સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને સર્વદર્શી છે. મનુષ્ય તેની રચના છે અને તેની ભૂમિકા એક 'બંદા' (દાસ)ની છે જેને જીવનનું દરેક પાસું ઈશ્વરની આજ્ઞાને આધીન ચલાવવું છે. નૈતિકતા ફક્ત વ્યવહારનો મામલો નથી, બલ્કે ઈશ્વરની પ્રસન્નતા મેળવવાનું માધ્યમ છે. ઈસ્લામ મુજબ મનુષ્યનો ઉદ્દેશ્ય 'ઉબૂદિય્યત' (ઈશ્વર-અલ્લાહની બંદગી) છે અને આના જ માટે તેને જીવનની દરેક દિશામાં નૈતિક આચરણ કરવું આવશ્યક છે.

ઈસ્લામ આ નથી માનતું કે નૈતિકતા બૌદ્ધિક નિર્ણય કે સામાજિક સ્વીકૃતિનો વિષય છે. એ આને ઈશ્વરીય માર્ગદર્શનથી નિર્દેશિત કરે છે, જેના બે સ્રોત છે : કુર્આન (ઈશ્વરીય ગ્રંથ) અને પૈગમ્બર મુહમ્મદ સ.અ.વ.નું જીવન (સુન્નત). આ બન્ને સ્રોત નૈતિકતાની સ્થાયી વ્યાખ્યા કરે છે. ચાહે સમય બદલાય, સભ્યતાઓ બદલાય કે માનવ-જ્ઞાનમાં ગમે તેટલી વૃદ્ધિ કેમ ન થઈ જાય.

સ્થાયિત્વ અને સાર્વભૌમિકતા

ઈસ્લામની નૈતિકતાની પ્રથમ વિશેષતા તેનું દાયિત્વ છે. જ્યાં આધુનિક વિચારધારાઓ નૈતિકતાને પરિસ્થિતિજન્ય અને સાપેક્ષ માને છે, ત્યાં જ ઈસ્લામ નૈતિક સિદ્ધાંતોને અપરિવર્તનીય મૂલ્યના રૂપમાં પ્રસ્તુત કરે છે. જેમકે : ઈમાનદારી, ન્યાય, કરૂણા, સત્ય, સંયમ આ તમામ ગુણ ઈસ્લામી વ્યવસ્થામાં હંમેશ માટે

ભલા માનવામાં આવ્યા છે, અને આમની વિપરીત જૂઠ, ધોખો, અન્યાય, સ્વાર્થ અને ક્રૂરતાને હંમેશ બૂરા કહેવામાં આવ્યા છે.

ઇસ્લામ દરેક યુગ અને પરિસ્થિતિમાં આમને લાગુ કરવાની શક્તિ ધરાવે છે, કેમકે આમની પાછળ ક્રિયાન્વયનની એ શક્તિ છે જે બાહ્ય દબાણો પર નહીં, બલ્કે આંતરિક પ્રેરણા પર આધારિત છે. આ એવો રખેવાળ છે જે કોઈ મનુષ્યને માત્ર સામાજિક ભયના કારણે જ નહીં બલ્કે પોતાના અંતરતમ્ વિવેકના કારણે પણ નૈતિક રહેવા માટે પ્રેરિત કરે છે.

નૈતિક પ્રેરણાની પ્રકૃતિ

ઇસ્લામ મનુષ્યના દિલમાં આ વિશ્વાસ ગાઢ બનાવે છે કે તેનો અસલી સંબંધ એક સર્વજ્ઞ અને ન્યાયી સત્તા સાથે છે. એ ગમે ત્યાં હોય, જેવો પણ હોય, તેનો દરેક વિચાર, દરેક કાર્ય અને દરેક નીય્યત (ઇરાદો) એ સત્તાની/જાણમાં છે. આ જ વિશ્વાસ તેને નૈતિકતાનું પાલન કરાવે છે, ભલેથી તેની આસપાસ કોઈ જોનાર ન હોય. ઇસ્લામના શબ્દોમાં : "અલ્લાહ નજરોની ચોરી સુદ્ધાંથી વાકેફ છે અને તે રહસ્યો પણ જાણે છે જે તેમના હૃદયોએ છૂપાવી રાખ્યા છે." (સૂરઃ મુ'મિન, આયત-૧૯)

જ્યારે મનુષ્ય આ માની લે છે કે તેને પોતાના જીવનનો અંતિમ હિસાબ એ ન્યાયાલયમાં આપવાનો છે જ્યાં જૂઠ, ભલામણ, રુશ્વત, પક્ષપાત નથી ચાલી શકતા તો તેની ભીતર એક આંતરિક "પોલીસ ચોકી" સ્થાપિત થઈ જાય છે. આ ચોકી માત્ર ભય નહીં, બલ્કે ઈશ્વરની પ્રસન્નતાની ચાહતથી સંચાલિત થાય છે. આ એ જ પ્રેરણા છે જેને ઇસ્લામ "તકવા" (ઈશપરાયણતા) કહે છે.

નૈતિકતાનો સર્વવ્યાપક પ્રભાવ

ઇસ્લામી નૈતિક વ્યવસ્થા ફક્ત વ્યક્તિગત્ આચરણ સુધી સીમિત નથી. એ જીવનના પ્રત્યેક પાસાને નૈતિકતાને આધીન જોવા ચાહે છે, ચાહે એ પારિવારિક જીવન હોય, વ્યાપાર હોય, રાજકારણ હોય, ન્યાય વ્યવસ્થા હોય, શિક્ષણ હોય કે યુદ્ધ. ઇસ્લામ માને છે કે નૈતિકતા જ જીવનના રથની લગામ છે. જો આ લગામ ઇચ્છાઓ, લોભ કે પરિસ્થિતિઓના હાથોમાં આપી દેવામાં આવે તો સમાજ અવ્યવસ્થા, અન્યાય અને અત્યાચાર ભણી વધી જાય છે.

ઇસ્લામ માનવતાને આ આમંત્રણ આપે છે કે આવો, આપણે ભલાઈને સંગઠિત કરીએ અને મળીને બૂરાઈને મિટાવીએ. જે ગુણોને દરેક યુગ અને દરેક સમાજે ભલાઈ માન્યા છે. તેમને સ્થાપિત કરીએ અને જે અવગુણોને દરેક યુગે બૂરા સમજ્યા છે, તેમનાથી મુક્તિ મેળવે. આ આહ્વાનને સ્વીકાર કરનારાઓને ઇસ્લામે એક ઉમ્મત (સમુદાય)નો રૂપ આપ્યો, જે ભલાઈનો આદેશ આપવા અને બૂરાઈથી રોકવાનું દાયિત્વ નિભાવે છે.

સંતુલન અને સમાવેશિતા

ઇસ્લામની નૈતિકતાની બીજી વિશેષતા આ તેનું સંતુલન છે. એ માત્ર કેટલાક ગુણોને ઉભારીને બાકીનાને છોડી નથી દેતો, ન જ કોઈ દિશામાં અતિવાદને વધારે છે. એ તમામ નૈતિક ગુણોને પોતાના વર્તુળમાં લઈને તેમની સીમા, સ્થાન અને અનુપ્રયોગને નિર્ધારિત કરે છે. દા.ત. સાહસ અને ક્ષમા બન્નેને શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે, પરંતુ ક્યાં ક્ષમા કરવી છે અને ક્યાં સાહસ બતાવવો છે, એ ઇસ્લામી શિક્ષણ નક્કી કરે છે. આ રીતે નૈતિકતા એક વ્યવહારિક સંતુલનના રૂપમાં સામે આવે છે, નહીં કે એક અમૂર્ત આદર્શના રૂપમાં.

જીવનની એકીકૃત વ્યવસ્થા

ત્રીજી વિશેષતા આ છે કે ઇસ્લામ નૈતિકતાને જીવનની અલગ વસ્તુ નથી માનતો, બલ્કે તેને જીવનનો આત્મા અને ધુરી માને છે. ઇસ્લામ આ નથી કહેતો કે ધર્મ માત્ર ઇબાદતગાહો સુધી સીમિત રહે અને નૈતિકતા માત્ર પુસ્તકો સુધી. એ ઇચ્છે છે કે જીવનનો દરેક વ્યવહાર, રાજકારણ, અર્થવ્યવસ્થા, શિક્ષણ, સમાજ, પ્રશાસન (વહીવટીતંત્ર), બધા જ નૈતિકતાના પ્રકાશમાં નક્કી થાય. આ દૃષ્ટિકોણથી ઇસ્લામ એક પૂર્ણ જીવન-વ્યવસ્થા અર્પણ કરે છે, જેમાં નૈતિકતા માત્ર વિકલ્પ નહીં, અનિવાર્યતા છે.

ઇસ્લામની નૈતિક વ્યવસ્થા કોઈ કાલ્પનિક કે સૈદ્ધાંતિક વિચાર નહીં, બલ્કે વ્યવહારિક જીવનનું જીવંત માર્ગદર્શન છે. આ વ્યવસ્થા માત્ર ઉચ્ચ આદર્શોની વાત કરે છે એટલું જ નહીં, બલ્કે તેમને સ્થાપિત કરવા માટે આંતરિક પ્રેરણા, બાહ્ય અનુશાસન અને સામાજિક ઉત્તરદાયિત્વ, ત્રણેયની સમન્વિત યોજના પ્રસ્તુત કરે છે.

ઇસ્લામ કહે છે કે નૈતિકતા કોઈ અનોખી વસ્તુ નથી, બલ્કે એ માનવ સ્વભાવનો અંગ છે. આવશ્યકતા માત્ર આને ઓળખવા, તેને દિશા આપવા અને તે મુજબ જીવન જીવવાની છે. ઇસ્લામ આને જ એક સંગઠિત રૂપમાં પ્રસ્તુત કરે છે, એક એવી નૈતિક વ્યવસ્થાના રૂપમાં જે ઈશ-પ્રસન્નતાને લક્ષ્ય બનાવીને જીવનને પ્રકાશમાન બનાવે છે. આ જ ઇસ્લામનું નૈતિક યોગદાન છે. સ્થાયિત્વ, સંતુલન અને સંપૂર્ણતાની સાથે એક નૈતિક સમાજની સ્થાપના. •••

I ❤ Mohammad

"Criminalising 'I Love Prophet Muhammad' Slogans is Unconstitutional, Politically Motivated, and an Insult to India's Pluralism"

Malik Moatasim Khan
Vice President, JIH

8 Book Combo Set

Rs.700/-



For Order Whatsapp : 87806 61963

ઇસ્લામી સાહિત્ય પ્રકાશન

IF UNDELIVERED PLEASE RETURN TO :

Yuvasaathi (Gujarati Monthly)

B-4, Karishma Complex, Sarani Society Corner,
132 ft. Ring Road, Juhapura, Ahmedabad -380055